RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-52 ■ DATE : 07-06-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


**સુવિચાર**

સુખ શાંતિ માટે દરેકની વ્યાખ્યા જુદી હોઇ શકે
બુધ્ધે શાંતિની શોધમાં મહેલ છોડી દીધો અને
આપણે મહેલની શોધમાં શાંતિ છોડી દીધી...



ભક્તિનગર સર્કલ પાસે શ્રીનગરમાં સોનાના દાગીના લૂંટી વૃધ્ધનું ગળુ કાપી હત્યા P-4

# ઈન્ડીયા ઈઝ શાઈનિંગઃ ભારતમાં ગરીબોની સંખ્યામાં ધરખમ ઘટાડો



**ગરીબોની સંખ્યા ૨૭.૧ ટકાથી ઘટીને ૫.૩ ટકા થઈ, વર્લ્ડ બેન્કનો રિપોર્ટઃ વિશ્વ બેંકે ગરીબી વિરૂધ્ધની ભારતની લડાઈનો સ્વીકાર કર્યો**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વ બેંકે તાજેતરમાં તેની ગરીબી રેખા મર્યાદામાં સુધારો કર્યો છે તેને ૨.૧૫ ડોલર પ્રતિ દિવસથી વધારીને ૩ ડોલર પ્રતિ દિવસ કરી છે. આ નવા ધોરણ મુજબ ભારતમાં અત્યંત ગરીબીના દરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વિશ્વ બેંકના ડેટા અનુસાર, ૨૦૧૧-૧૨માં ૨૭.૧%નો અત્યંત ગરીબી દર ૨૦૨૨-૨૩માં ઘટીને માત્ર ૫.૩% થયો છે. આનો અર્થ એ થયો કે અત્યંત ગરીબીમાં જીવતી વસ્તી ૩૪૪.૪૭ મિલિયનથી ઘટીને ૭૫.૨૪ મિલિયન થઈ ગઈ છે.

વિશ્વ બેંકના ગરીબી અને સમાનતા સંક્ષિપ્ત ૧૦૦ થી વધુ વિકાસશીલ દેશોમાં ગરીબી, વહેંચાયેલ સમૃદ્ધિ અને અસમાનતાના વલણો વિશે જણાવે છે. વિશ્વ બેંક જૂથ અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળની વસંત અને વાર્ષિક બેઠકો માટે વર્ષમાં બે વાર બહાર પાડવામાં આવતી આ માહિતી, દેશની ગરીબી અને અસમાનતાનું ચિત્ર રજૂ કરે છે. આ ખાતરી કરે છે કે ગરીબી ઘટાડવી એ વૈશ્વિક પ્રાથમિકતા રહે છે. દરેક માં બે પાનાનો સારાંશ હોય છે જે ગરીબી ઘટાડવામાં તાજેતરના વિકાસ તેમજ મુખ્ય વિકાસ સૂચકાંકો પર માહિતી પ્રદાન કરે છે.

આ અહેવાલ મુજબ, ગ્રામીણ વિસ્તારોમાં ભારે ગરીબી ૨૦૧૧-૧૨ માં ૧૮.૪ ટકાથી ઘટીને ૨૦૨૨-૨૩ માં ૨.૮ ટકા થઈ ગઈ. શહેરી વિસ્તારોમાં ભારે ગરીબી ૧૦.૭ ટકાથી ઘટીને ૧.૧ ટકા થઈ ગઈ. ગ્રામીણ અને શહેરી ગરીબી વચ્ચેનો તફાવત ૭.૭ ટકાથી ઘટીને ૧.૭ ટકા થયો. ૨૦૧૧-૧૨ અને ૨૦૨૨-૨૩ વચ્ચે વાર્ષિક ઘટાડો દર ૧૬ ટકા રહેશે. રોજગાર વળદ્ધિ વિશ્વ બેંકે શોધી કાઢ્યું છે કે ભારતે નીચલા-મધ્યમ આવક સ્તરે ગરીબી ઘટાડવાથી નોંધપાત્ર લાભ મેળવ્યો છે. તે દરરોજ 3.૬૫ માપવામાં આવ્યો છે. ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં આ વ્યાપક વળદ્ધિથી લાખો લોકોને ફાયદો થયો છે. રોજગાર વળદ્ધિમાં, ખાસ કરીને ૨૦૨૧-૨૨ થી, ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે, જેમ કે વિશ્વ બેંકના અહેવાલમાં જણાવાયું છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે સમગ્ર ભારતમાં અતિશય ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, જેમાં મુખ્ય રાજ્યો ગરીબી ઘટાડવા અને સમાવેશી વિકાસને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. પાંચ સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્યો, એટલે કે ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પ?મિ બંગાળ અને મધ્યપ્રદેશ, ૨૦૧૧-૧૨ માં ભારતના અત્યંત ગરીબ લોકોના ૬૫ ટકા લોકોનું ઘર હતા. આ રાજ્યોએ ૨૦૨૨-૨૩ સુધીમાં અતિશય ગરીબીમાં થયેલા કુલ ઘટાડામાં બે તળતીયાંશ ફાળો આપ્યો હતો.

વિશ્વ બેંકના આંકડા મુજબ, ૨૦૧૧-૧૨માં ૨૭.૧% ની અત્યંત ગરીબી દર ૨૦૨૨-૨૩માં ઘટીને માત્ર ૫.૩% થઈ ગયો છે. જેનો અર્થ એ છે કે અત્યંત ગરીબીમાં જીવન જીવનારા લોકોનો વર્ગ ૩૪૪.૪૭ મિલિયનથી ઘટીને ૭૫.૨૪ મિલિયન થઈ ગયો છે

જૂના માપદંડ અનુસાર પણ, ભારતમાં અત્યંત ગરીબી ૨૦૧૧-૧૨માં ૧૬.૨% થી ઘટીને ૨૦૨૨માં ૨.૩% થઈ હતી, જેમાં આ ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યા ૨૦૫.૯૩ મિલિયનથી ઘટીને ૩૩.૬૬ મિલિયન થઈ હતી. નવી રૂ પ્રતિ દિવસની મર્યાદા હોવા છતાં, ભારતે ગરીબીના આંકડાને સ્થિર રાખીને પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે.

વિશ્વ બેંકે નિમ્ન-મધ્યમ આવકવાળા દેશો (LMIC) માટે ગરીબી રેખાને ૩.૬૫ પ્રતિ દિવસથી સંશોધિત કરીને ૨૦૨૧ની કિંમતો પર ૪.૨૦ પ્રતિ દિવસ કરી છે.

આ નવા માપદંડ હેઠળ પણ, ભારતનો ગરીબી દર ૨૦૨૨-૨૩માં ૨૮.૧% થી ઘટીને ૨૩.૯% થઈ ગયો છે. ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી ૬૯% થી ઘટીને ૩૨.૫% અને શહેરી વિસ્તારોમાં ૪૩.૫% થી ઘટીને ૧૭.૨% થઈ છે.

વિશ્વ બેંકના બહુઆયામી ગરીબી સૂચકાંક (MPI) અનુસાર, ભારતમાં નોન-મોનેટરી ગરીબી ૨૦૦૫-૦૬માં ૫૩.૮% થી ઘટીને ૨૦૨૨-૨૩માં ૧૫.૫% થઈ છે. નીતિ આયોગ મુજબ, બહુઆયામી ગરીબીમાં રહેતી ભારતની વસ્તી ૨૦૧૩-૧૪માં ૨૯.૧૭% થી ઘટીને ૨૦૨૨-૨૩માં ૧૧.૨૮% થઈ છે.

૨૦૨૩-૨૪ના ઘરેલું ઉપભોગ ખર્ચ સર્વેક્ષણ (HCES)ના આંકડા ભારતમાં માસિક વપરાશમાં થયેલા વધારાને દર્શાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં માથાદીઠ માસિક વપરાશ ખર્ચ ૨૦૧૧-૧૨માં રૂા.૧,૪૩૦ થી વધીને ૨૦૨૩-૨૪માં રૂા.૨,૦૭૯ થયો છે, જે ૪૫.૪%નો વધારો છે. શહેરી વિસ્તારોમાં તે રૂા.૨,૬૩૦ થી ૩૮% વધીને રૂા.૩,૬૩૨ થયો છે.

# એલન મસ્કની ધી અમેરિકા પાર્ટી ટ્રમ્પને ટક્કર આપશે?



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પથી અત્યંત કટૂતા અને આક્રમક રીતે અલગ થયા બાદ વિશ્વના સૌથી ધનવાન અને ટેસ્લા સહિતની અનેક અમેરિકી-વૈશ્વિક જાયન્ટ કંપનીના બોસ એલન મસ્કે હવે અમેરિકાના રાજકારણમાં ઝંપલાવવા અને ડોનાલ્ડ ટ્રમ્પ તથા તેમના રીપબ્લીકન પાર્ટી અને વિપક્ષ ડેમોક્રેટીક પાર્ટીને પણ પડકારવા તૈયારી કરી છે.

તેમના જ માલીકીના એકસ પર મસ્કે શું અમેરિકાને નવા રાજકીય પક્ષની જરૂર છે તેવા એક ઓપીનીયન પોલ જેવી ઝુંબેશમાં ૫૬ લાખ લોકોમાંથી ૮૦.૪% એ સમર્થન આપ્યુ છે. મસ્કે તે પરિણામ શેર કરતા કહ્યું કે લોકોજ હવે નવો રાજકીય પક્ષ ઈચ્છે છે.

અમેરિકાને એક એવા નવા પક્ષની જરૂર છે જે ૮૦% લોકોના અવાજ બને. તેઓએ આ માટે ધ અમેરિકા પાર્ટી જેવું નામ પણ રજુ કર્યુ છે. આમ હવે તેમાં રાજકીય રીતે પણ ટ્રમ્પને પડકારે તેવા સંકેત છે. દુનિયાના સૌથી શક્તિશાળી ગણતા અમેરિકાના પ્રમુખ અને દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ તરીકે સતત નંબર વન પર રહેલા એલન મસ્કની આ ટકકર હવે ખરેખર રીતે આગળ વધે છે કે કેમ તેના સૌની નજર છે.

બીજી તરફ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે મસ્ક માટે કઈ કહેવુ નથી તેવુ કહીને એ સંકેત આપી દીધો હતો કે તેઓ હવે મસ્કની કંપનીઓને નિશાન બનાવે છે. ટેસ્લા જે ઈલેકટ્રીક કાર બનાવે તેમાં અમેરિકા સરકારની જંગી સબસીડી છે અને મસ્કના અનેક સાહસોમાં અમેરિકી સરકાર સાથે ૧૦૦ જેટલા કોન્ટ્રાક ધરાવે છે જેની કિંમત અબજોમાં થવા જાય છે.

સ્પેસ એકસ મીશન પુરી રીતે નાસાના સહયોગ પર ચાલે છે અને તેમાં ૨૨ બીલીયન ડોલરના કોન્ટ્રાકટ છે. જો કે વ્હાઈટ હાઉસના પ્રવકતાએ કહ્યું કે પ્રમુખ ટ્રમ્પ હવે મસ્કની કોઈ ચિંતા કરતા નથી અને તેઓ પોતાના આર્થિક કાર્યક્રમમાં આગળ વધે છે.

બીજી તરફ ટ્રમ્પે એ પણ સંકેત આપ્યો છે કે તેઓએ હાલમાંજ જે રીતે ટેસ્લા કાર ખરીદી હતી તે પણ વેચી નાખવા વિચારે છે. આમ બન્ને આક્રમક અને પુરા શક્તિશાળી વ્યકિતત્વની ટકકરમાં હવે મસ્કની કંપનીઓને કેટલું આર્થિક નુકસાન જાય છે તેના પર પણ ગણતરી શરૂ થઈ છે.

# દેશમાં કોરોનાના કેસમાં રોકેટ ગતીએ ઉછાળોઃ ૫ હજારને પાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ વધી રહ્યા છે. આરોગ્ય મંત્રાલયના તાજેતરના આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૩૯૧ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૪ લોકોના મોત થયા છે. જ્યારે એક્ટિવ કેસની સંખ્યા વધીને ૫,૭૫૫ થઈ ગઈ છે. નિષ્ણાતોએ સતર્ક રહેવા અને માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ અને નિયમિત સેનિટાઈઝેશન જેવી મૂળભૂત સાવચેતીઓ રાખવા પર ભાર મૂક્યો છે.



મહારાષ્ટ્રમાં કોરોનાના ૧૧૪ નવા કેસ નોંધાયા છે. આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કુલ કેસોની સંખ્યા વધીને ૧,૨૭૬ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં કોરોનાથી વધુ એકનું મૃત્યુ નોંધાયું છે. આ સાથે મૃત્યુઆંક ૧૮ થયો છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કેરળમાં કોરોનાના ૧૯૨ નવા કેસ નોંધાયા છે. પશ્ચિમ બંગાળમાં ૫૮ અને દિલ્હીમાં ૩૦ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૭૦ કેસ નોંધાયા છે. આ સાથે જ એક્ટિવ કેસનો ૭૧૭ થઈ ગયો છે. હાલમાં માત્ર ૨૩ દર્દીઓ જ એવા છે જેમને હોસ્પિટલમાં સારવાર લેવી પડી રહી છે, જ્યારે ૬૯૪ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૬૮ દર્દીઓ સાજા થઈ ગયા છે અને કોઈ મૃત્યુ નોંધાયુ નથી.

કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે કોરોના વાઈરસ માટે સુવિધા-સ્તરની તૈયારી ચકાસવા માટે મોક ડ્રીલ કરવા માટેની સૂચનાઓ આપી છે. બધા રાજ્યોને ઓક્સિજન, આઈસોલેશન બેડ, વેન્ટિલેટર અને આવશ્યક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે.

અહેવાલો અનુસાર, મોટાભાગના કેસોમાં હળવા લક્ષણો જોવા મળ્યા છે અને તેમને ઘરે જ અલગ રાખવામાં આવી રહ્યા છે અને તેમની સંભાળ રાખવામાં આવી રહી છે. આ વર્ષે જાન્યુઆરીથી દેશમાં ૫૫ મૃત્યુ નોંધાયા છે. ૨૨મી મેના રોજ દેશમાં કુલ ૨૫૭ સક્રિય કેસ હતા. ત્યારથી, કોરોનાના કેસોમાં અચાનક વધારો થયો છે.

# સ્ટારલીંકને ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ માટે લાયસન્સ મળી ગયુ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એલન મસ્કની કંપની સ્ટારલીંકને ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ માટે લાયસન્સ મળી ગયુ છે. જાણકારી મુજબ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન લાયસન્સ મેળવનારી સ્ટારલીંક હવે ત્રીજી કંપની બની ગઈ છે. આ પહેલા સરકારે વનવેબ અને રિલાયન્સ જિયોને પણ આવી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે લાયસન્સ આપ્યુ છે. જયારે ચોથી અમેઝોનની કુઈપર હજુ પણ સરકાર પાસે લીલીઝંડી મળવાની રાહ જોઈ રહી છે.

સુત્રોનું કહેવુ છે કે કંપની તરફથી આવેદન કર્યાના ૧૫-૨૦ દિવસમાં જ કંપનીને ટ્રાયલ સ્પેકટ્રમ આપવામાં આવશે. ત્યારબાદ કંપની પોતાની સેવા શરૂ કરી શકશે.

સેટેલાઈટ એક અલગ ટેકનોલોજી છે.હાલમાં ઈન્ટરનેટ મોબાઈલ ટાવર કે પછી ઓપ્ટિકલ ફાઈબરથી પહોંચાડવામાં આવે છે. પરંતુ સેટેલાઈટ ઈન્ટરનેટમાં તારની જરૂર નથી પડતી તેમાં આપનો મોબાઈલ ફોન સીધો સેટેલાઈટ સાથે કનેકટ રહે છે. આ સેટેલાઈટ પૃથ્વીની નીચલા કક્ષામાં સ્થાપિત કરવામાં આવે છે અને તે પૃથ્વીથી ૧૬૦ થી ૨૦૦૦ કિલોમીટર ઉપર રહેલો હોય છે.

હાલમાં અન્ય દેશોમાં સ્ટારલીંક સેવાની પ્રારંભિક કિંમત મોંઘી છે પરંતુ ભારતમાં એરટેલ, જિયોની સાથે ભાગીદારીથી આ કિંમતને ઘટાડીને વધુ સસ્તા પ્લાન પર લઈ જવાની આશા રખાઈ રહી છે.

૪જી અને ૫-જી મોબાઈલ ટાવરોથી કામ કરે છે. જેની પહોંચ સીમિત હોઈ શકે છે. સ્ટારલિંક સીધા પૃથ્વીની નીચલી કક્ષામાં સ્થાપિત સેટેલાઈટથી સિગ્નલ મોકલે છે એટલે તે એ જગ્યાએ પણ ઈન્ટરનેટ સુવિધા આપશે જયાં નેટવર્ક નથી પહોંચી શકતુ.

સ્ટારલિંકથી ૧૦ એમબીપીએસથી માંડી ૧ જબિપીએસ સુધીની સ્પીડ મળી શકે છે. અલબત, આ સ્પીડ સ્થળ અને હવામાન મુજબ બદલી શકે છે. તેમ છતા તે સામાન્ય બ્રોડબેન્ડ અને મોબાઈલ નેટવર્કથી વધુ ઝડપી અને સ્થિર માનવામાં આવે છે.

ગ્રામીણ વિસ્તારોમાં જયાં નેટવર્ક નથી પહોચતુ ત્યાં સસ્તુ અને ઝડપી ઈન્ટરનેટ સેવા મળશે. શહેરી વિસ્તારોમાં બ્રેકઅપ ઈન્ટરનેટ કનેકશન તરીકે તેનો ઉપયોગ થઈ શકે છે. ખાસ કરીને એ જગ્યાઓ પર જયાં ફાઈબર કનેકટીવીટી નથી કે વારંવાર નેટવર્કને અસર થાય છે.

સીધુ મોબાઈલથી નહિં પરંતુ સ્ટારલિંક ડીશ અને રાઉટરથી વાઈ-ફાઈ નેટવર્ક જોડી શકાય છે. પછી આપ ટીવી, મોબાઈલ, લેપટોપ અને અન્ય ડીવાઈસને જોડી શકે છે. જે કોઈપણ વાઈફાઈ નેટવર્કમાં કરી શકાય છે.

હાલ સ્ટારલિંક ઈન્ટરનેટ માટે એક ખાસ ડીશ એન્ટેલા રાઉટર અને ઈન્સ્ટોલેશન કિટની જરૂર પડે છે. અન્ય દેશોમાં તેની કિંમત ૪૦ થી ૫૦ હજાર રૂપિયાની આસપાસ રહે છે. ભારતમાં તેને વ્યાજબી દરની બનાવવાનો પ્રયાસ ચાલે છે.

ઉલ્લેખનીય છે કે, સ્ટારલીંકને ભારતમાં ત્યારે લાયસન્સ મળ્યુ છે જયારે અમેરીકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને સ્ટારલીંકનાં માલીક એલન મસ્ક વચ્ચે જાહેરમાં મોટો વિવાદ ઉભો થયો છે.

# ગામડાની સંપત્તિના રેકોર્ડને આધાર કાર્ડ સાથે જોડવા ચક્રો ગતિમાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે ગામડાઓની સંપતિઓનાં રેકર્ડને આધારકાર્ડ સાથે જોડવા તથા મોબાઈલ નંબર અપડેટ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. ગ્રામીણ ભૂમિ રેકર્ડનાં આધુનિકીકરણ તથા ડીજીલાઈઝેશનનાં મહત્વપૂર્ણ પ્રોજેકટ અંતર્ગત આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જમીન માલીકોનાં કારનામા તથા મોબાઈલ નંબર પણ અપડેટ કરવામાં આવશે જોકે આધાર સાથે લીંક કરવાનું ફરજીયાત નથી છતાં જમીન રેકર્ડમાં પારદર્શકતા લાવવાના હેતુસર આ પ્રોજેકટ હાથ પર લેવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારે તમામ રાજયોને જમીનનાં રેકર્ડ સચોટ અને અદ્યતન રહે તે માટે ડીજીટલાઈઝેશન કરવાની તાકીદ કરી છે તેના મારફત પછી સરકારી યોજનાઓ તથા બેંકીંગ સેકટર સાથે સરળતાથી જોડી શકાશે.



આ વર્ષનાં બજેટમાં જમીન સુધારા પગલા માટે રાજય સરકારોને સહાય આપવાની દરખાસ્ત કરવામાં આવી હતી.

સરકારનો ઉદેશ પીએમ ગતિશકિત યોજનાનો ઉપયોગ કરીને આ પ્રોજેકટ હેઠળ ગામડાઓની તમામ જમીનનું આધુનિકીકરણ કરવા તથા શહેરી વિકાસની દિશા નકકી કરવાનો છે.

કેન્દ્રીય નાણા મંત્રાલય પ્રોજેકટ સંબંધિત યોજના ગ્રામીણ વિકાસ તથા શહેરી બાબતોનાં મંત્રાલયોને પણ મોકલાવી છે અને તેના આધારે ગ્રામીણ જમીન રેકર્ડ મામલે મોટાપાયે સુધારા થઈ શકશે. આ પ્રોજેકટથી જમીન પાર્સલ તેના માલીક તથા ઉપયોગ વિશે સ્પષ્ટ માહીતી હાંસલ થશે.

બીજા તબકકામાં તમામ જમીન માટે ઓળખકાર્ડ ફરજીયાત થશે અને જમીનના નકસા સંબંધિત વિસંગતતા પણ દુર કરાશે. જમીન નાસા હાલ સમજવા પણ મુશ્કેલ છે. શબ્દનાં અર્થઘટનથી માંડીને માપણી પ્રક્રિયામાં ઘણી ગડમથલ છે. અલગ-અલગ રાજયોમાં જુદા અર્થઘટન છે.

સરકાર દ્વારા ૨૭૦૦ કરોડની નાણાકીય સહાયતા ધરાવતા પ્રોજેકટમાં જમીન રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ રીતે ઓનલાઈન કરવાની પ્રક્રિયા પણ સામેલ છે.

# ભારતએ વિશ્વનુ પાંચમા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર જેને નજર અંદાજ કરી શકાય નહીં

### જી-૭ દેશોની બેઠકમાં વડાપ્રધાન મોદીને આમંત્રણ આપવા પર કેનેડાના વડાપ્રધાનનો બચાવ

**મુખ્ય સમાચાર, ઓટ્ટાવો**

આ માસમાં કેનેડામાં યોજાનારી જી-૭ દેશોની શિખર પરિષદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવાના નિર્ણયનો બચાવ કરતા કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ જવાબ આપતા કહ્યું કે ભારત એ વિશ્વનુ પાંચમા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર છે તેથી તેને નજર અંદાજ કરી શકાય નહી.

આ માસમાં તા.૧૫થી૧૭ જૂનના કેનેડાના અલ્બટામાં જી-૭ દેશોના રાષ્ટ્રવડાઓની બેઠક મળનાર છે. જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વના સાત ટોપના પશ્ચિમી રાષ્ટ્રવડાઓ ઉપસ્થિત રહેશે.

મોદીને દર બેઠક સમયે આમંત્રણ મળે છે પણ ભારત-કેનેડા વચ્ચેના ડિપ્લોમેટીક તનાવના કારણે આ વર્ષની બેઠકમાં વડાપ્રધાન મોદીને આમંત્રણ અંગે સસ્પેન્સ સર્જાયો હતો પણ ગઈકાલે જ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ખુદે વડાપ્રધાન મોદીને ફોન કરીને આમંત્રણ આપ્યુ હતું અને શ્રી મોદીએ પણ તે સ્વીકારી લીધુ છે.

કેનેડામાં ખાલીસ્તાની તરફી અને કેટલાક કટ્ટરવાદી સંગઠનોએ શ્રી મોદીને આમંત્રણનો વિરોધ કર્યો તેને ફગાવતા કેનેડાના વડાપ્રધાન એ કેટલાક દેશોએ સાથે રહેવું જરૂરી છે. ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. તેઓએ નિજજર હત્યા અંગેના પ્રશ્નનો જવાબ આપવા ઈન્કાર કરી દીધો હતો અને કહ્યું કે કેનેડામાં કાનૂની પ્રક્રિયા પાંચમી મોટી ઈકોનોમી છે.

વિશ્વનો સૌથી વધુ વસતિ ધરાવતો દેશ છે અને તે સપ્લાય ચેઈનનો પણ દેશ છે તેથી ચાલી રહી છે અને તેથી તેના પર ટિપ્પણી કરવી યોગ્ય ગણાશે નહી. તેઓએ કહ્યું કે ભારત એ વિશ્વની ઉર્જા આર્ટિફીશ્યલ અને મહત્વના ખનીજો વિ. મુદે ચર્ચા કરવા માટે આમંત્રણ અપાયું છે. આમ ઓપરેશન સિંદુર બાદ વડાપ્રધાન મોદીના પ્રથમ વિદેશ પ્રવાસ હશે અને તેઓ વિશ્વના શક્તિશાળી દેશોના રાષ્ટ્રવડાઓને મળશે તે મહત્વનું છે.

# ગંભીર અપરાધોના કેસમાં આગોતરા જામીન આપતા પહેલા વિચારવું જોઈએઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમકોર્ટે જણાવ્યું છે કે, ગંભીર અપરાધો સાથે જોડાયેલા કેસોમાં આગોતરા જામીન સમજયા-વિચાર્યા વગર ન આપવા જોઈએ. જસ્ટીસ વિક્રમનાથ, જસ્ટીસ સંજય કરોલ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેન્ચે હત્યાના એક કેસમાં આપવામાં આવેલ આગોતરા જામીનને રદ કરતા ઉપરોક્ત ટિપ્પણી કરી હતી.



સુપ્રીમકોર્ટે ૧ મે ના આપવામાં આવેલ પોતાના આદેશમાં કહ્યું હતું કે, પટણા હાઈકોર્ટના આદેશમાં ગંભીર અપરાધો ભારતીય દંડ સંહિતાની ધારા ૩૦૨ અને ૩૦૭ અંતર્ગત આગોતરા જામીન આપવાનો કોઈ તર્ક સ્પષ્ટ નથી. તેમાં ન્યાયિક તપાસની કમી છે. ગંભીર અપરાધોના કેસોમાં આ રીતે મિકેનીકલી આગોતરા જામીન આપવા ટકાઉ નથી અને તેને રદ કરી દેવા જોઈએ. સુપ્રીમકોર્ટે જણાવ્યું હતું કે એફઆઈઆર અને અન્ય પુરાવાઓનો અભ્યાસ કર્યા બાદ એ નોંધવામાં આવે છે કે અરજદારના પિતા પર તેની સામે જ હુમલો થયો હતો અને તેની હત્યા કરી દેવામાં આવી હતી. અરજદાર ખુદ જ આ કેસમાં માહિતી આપનાર છે. આ ઘટના રસ્તાને લઈને થયેલા વિવાદથી થઈ હોવાનું લાગે છે.

અદાલતે આરોપીઓને આઠ હપ્તામાં શરણે થવાનો નિર્દેશ કર્યો છે. આ આદેશ પીડિતના પુત્રની અરજી પર આવ્યાં, જેમાં આરોપીઓને અપાયેલા આગોતરા જામીનને પડકારવામાં આવ્યા હતા. ૨૦૨૩માં હુમલામાં પીડિતને લોખંડના સળિયા અને ડંડાથી પડોશીઓ વચ્ચે થયેલ મારામારીમાં ઘાયલ કરતા મોત થયું હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ શહેર-જિલ્લાને આપી રૂ. ૫૫૭ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ

## રૂ. ૩૪૩.૩૯ કરોડના ૧૩ વિકાસ કામોનાં લોકાર્પણ તથા રૂ. ૨૧૩.૭૯ કરોડના ૨૮ વિકાસ કામોનાં ખાતમુહૂર્ત થયાં





તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજકોટમાં રૂ. ૩૪૩.૩૯ કરોડના ૧૩ વિકાસ કામોનાં લોકાર્પણ તથા રૂ. ૨૧૩.૭૯ કરોડના ૨૮ વિકાસ કામોનાં ખાતમુહૂર્ત કરીને શહેર-જિલ્લાને રૂ. ૫૫૭.૧૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અહીંના પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે નાગરિકોને સંબોધતા જણાવ્યું હતું કે, શહેરી વિકાસ વર્ષ અંતર્ગત રાજકોટ શહેર તથા જિલ્લામાં વિકાસના ખૂબ સારાં કામો થઈ રહ્યા છે. આજે લોકાર્પણ તથા ખાતમુહૂર્ત થનારા વિકાસના કામો રાજકોટ શહેર તથા જિલ્લાના નાગરિકોના ''ઈઝ ઓફ લિવિંગ''માં વધારો કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

છેલ્લા બે દાયકાની રાજકોટની વિકાસયાત્રાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષમાં અટલ સરોવર, એઈમ્સ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, વિવિધ ફ્લાયઓવર સહિતના વિવિધ વિકાસ પ્રકલ્પો થકી રાજકોટની પણ કાયાપલટ થઈ છે અને શહેરીજનોની સુખાકારીમાં વધારો થયો છે. રાજકોટમાં આજે નવનિર્માણ પામેલી આર્ટ ગેલેરી સહિતના કરોડોનાં વિકાસ કામો રાજ્ય સરકારની શહેરીજનોની સુખાકારી વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

રાજકોટ ઝોનના ભાવિ વિકાસના આયોજન અંગે તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારે સુરતની જેમ રાજ્યમાં છ ગ્રોથ હબ વિકસાવવાનું આયોજન કર્યું છે. જેમાં રાજકોટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ માટે ખાસ રિજિયોનલ ઈકોનોમિક પ્લાન બનાવવામાં આવી રહ્યો છે.રાજકોટ ગુજરાતનું એમ.એસ.એમ.ઈ., એન્જિનિયરિંગ, સોના-ચાંદી, જ્વેલરી મેકિંગ સહિતના ક્ષેત્રોમાં હબ તરીકે ઊભરી આવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં આવા ઉદ્યોગોને વિશ્વ કક્ષાનું માર્કેટ મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે.

છત્રપતિ શિવાજી મહારાજનો આજે ૩૫૨મો રાજ્યાભિષેક દિવસ છે, તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, શિવાજી મહારાજે સુશાસનની સ્થાપના કરી હતી અને જન સુખાકારી, સુરક્ષા અને યુદ્ધનું શ્રેષ્ઠ મોડલ વિકસાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિ શરૂ કરીને નાગરિક દેવો ભવની ભાવના સાથે છેલ્લા ૧૧ વર્ષના સુશાસનમાં નાનામાં નાના માણસને વિકાસના લાભો પહોંચાડીને સુશાસનનું મોડલ પ્રસ્થાપિત કર્યું છે. વડાપ્રધાનના ચીંધેલા માર્ગે આજે રાજકોટને રૂ. ૫૫૭.૧૮ કરોડના વિકાસ કાર્યોની ભેટ મળી રહી છે. જેમાં રૂ. ૨૩૮ કરોડના વિકાસ કાર્યો ઊર્જાક્ષેત્ર સાથે જોડાયેલા હોવાનું તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સુશાસન દરમિયાન જ્યોતિગ્રામ યોજના શરૂ કરીને ગામે ગામ ૨૪ કલાક વીજળી મળે તે સુનિશ્ચિત કર્યું છે. ખેતી માટે ફીડરો અલગ કરાવ્યા. આ સાથે ઉદ્યોગ અને ખેતીને પૂરતી વીજળી મળે તે માટે નરેન્દ્રભાઈએ સંતુલિત અભિગમ અપનાવ્યો હતો.

પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજનાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, એક સર્વે મુજબ રાજ્યમાં ૩.૪૦ લાખ પરિવારોએ સોલાર રૂફટોપ લગાવ્યા છે. જેમાંથી લોકોએ ૫૮ ટકા વીજળી ઘર વપરાશમાં ઉપયોગમાં લીધી અને ૪૨ ટકા વીજળી સરકારને વેચીને કમાણી કરી છે. આ ખૂબ સારી યોજનાનો વધુમાં વધુ લોકો લાભ લે એવી તેમણે અપીલ કરી હતી. ખેડૂતોને પણ સોલાર યોજનાનો લાભ મળે છે, તેમ જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, રાજ્યના ૯૮ ટકા ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે.

તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌની યોજના થકી સૌરાષ્ટ્રના ગામે-ગામ પાણી પહોંચાડ્યા છે. આજે વીજળી, પાણી અને ઉત્તમ રોડ કનેક્ટિવિટી મળતા રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ઉદ્યોગ ધંધાઓનો વિકાસ ઝડપથી થયો છે. રાજકોટ જિલ્લાને આજે મળી રહેલા રૂ. ૧૧૨ કરોડના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો જિલ્લાના ઉદ્યોગોને બળ આપશે અને નાગરીકોને પરિવહન માટે ઉત્તમ સુવિધા મળશે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતના શહેરીકરણને સુવ્યવસ્થિત અને આયોજિત બનાવવા માટે તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૫માં પહેલીવાર શહેરી વિકાસ વર્ષ ઉજવવાની શરૂઆત કરી હતી. જેનાથી ગુજરાતના શહેરીકરણને નવી દિશા મળી છે. શહેરી વિકાસ વર્ષના ૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે ગુજરાત સરકારે ''વર્લ્ડ ક્લાસ સિટીઝ'' વિકસાવવાની નેમ સાથે વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ધાર કર્યો છે. ગુજરાત સરકાર ગ્રીન ગ્રોથને પ્રોત્સાહન આપતી હોવાનું જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ''ક્લીન ગુજરાત અને ગ્રીન ગુજરાત'' માટે રાજ્યના શહેરો સ્વચ્છ સાથે પ્લાસ્ટિકમુક્ત બને તે નાગરિકોનું પણ કર્તવ્ય છે.

# જામનગરમાં પાર્સલ ચોરીનો ભેદ ઉકેલાયોઃ બે શખ્સની ધરપકડ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરની એક ખાનગી ટ્રાવેલ્સની ઓફિસની બહાર રાખવામાં આવેલા પાર્સલમાંથી ૧૪ નંગ મોબાઈલ ફોન અને ટેબલેટ ભરેલા પાર્સલની ચોરી થવા પામી છે. જે અંગે પોલીસ માં ફરિયાદ નોંધાવાયા બાદ સીટી બી. ડિવિઝન પોલીસે ગણતરી ના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી નાખી ચોરાઉ મુદ્દામાલ સાથે બે તસ્કરોને ઝડપી લીધા છે.જામનગરમાં ગુરુદ્વારા માર્ગે સેન્ટર પોઈન્ટ માં આવેલ જય દ્વારકાધીશ ટ્રાવેલ્સના સંચાલક મયુરભાઈ જેઠાભાઇ પોસ્તરીયાએ પોતાના ટ્રાવેલ્સની ઓફિસની બહાર રાખેલ ૧,૧૮,૫૦૦ની કિંમત ના ૧૪ નંગ મોબાઈલ ફોન અને ટેબલેટ ભરેલા પાર્સલની કોઈ શખસો ચોરી કરી લઈ ગયા ની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.ગત તારીખ ૧ જૂનના રોજ પોતાની ટ્રાવેલ્સની બસ અમદાવાદથી વહેલી સવારે સાડા ચાર કલાકે જામનગર આવી હતી. આ બસમાં અમદાવાદથી કુલ ૧૨ પાર્સલ આવ્યા હતા. આ તમામ પાર્સલો ટ્રાવેલ્સની ઓફિસથી બહાર રાખવામાં આવ્યા હતા, તેમાંથી મોબાઇલ ટેબલેટ ભરેલ પાર્સલ સવારે ૪૩૦ થી ૧૦ વાગ્યા સુધીમાં કોઈ શખસો ચોરી કરી લઈ ગયા હતા.પોલીસે મયુરભાઈની ફરિયાદ ના આધારે ગુનો નોંધી સી.સી.ટી.વી. કેમેરા વગેરેની મદદ લઈને તપાસ શરૂ કરી હતી, અને ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલિ નાખ્યો છે. જામનગરના સીટી બી. ડિવિઝન પી.આઈ.પી.પી. ઝા અને પીએસઆઇ મોઢવાડિયા અને તેઓની ટીમે ઉપરોક્ત પાર્સલની ચોરી કરનાર જામનગરમાં નવાગામઘેડ વિસ્તારમાં રહેતા સન્ની જગદીશભાઈ સરવૈયા તેમજ ગોપાલ ચોકમાં રહેતા વિક્રમ ઉર્ફે રોટી સુરેશભાઈ પરમારની અટકાયત કરી લીધી છે, ૪ અને તેઓ પાસેથી રૂપિયા ૧,૧૮,૫૦૦ ની કિંમતના ચોરાઉ મોબાઇલ ફોન અને ટેબલેટ કબજે કરી લીધા છે.

# જામનગરમાં લાલ બંગલા સ્થિત એલસીબીની નવી કચેરી ને એસ.પી. પ્રેમસુખ ડેલુના હસ્તે ખુલ્લી મુકાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ એલસીબી.ના. પી.આઈ.,પી.એસ.આઈ. અને સમગ્ર સ્ટાફ હાજર રહ્યો.સાત થી વધુ કોમ્પ્યુટર સેટ તેમજ અત્યાધુનિક ડિજિટલ સોફ્ટવેર સહિતની સુવિધાઓથી સુસજ્જ નવી એલસીબી કચેરી નો થયો પ્રારંભ.જામનગરમાં લાલ બંગલા સ્થિત એલસીબીની નવી કચેરીનો જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના હસ્તે પ્રારંભ થયો હતો, અને નવી ટેકનોલોજી થી સભર કચેરીને ખુલ્લી મુકવામાં આવી હતી. આ વેળાએ જામનગર શહેર જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓ અને એલસીબી નો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. જુદા જુદા સાતથી વધુ કોમ્પ્યુટર સેટ જેમાં વર્તમાન સંજોગોને અનુરૂપ ડિજિટલ સોફ્ટવેર સહિતની સુવિધાઓથી સુસજ્જ કચેરીને બનાવાઇ છે, અને શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા પર નિયંત્રણ રાખવા માટે અને તમામ પ્રકારના ગુન્હાઓનો ત્વરિત ઉકેલ લાવવા માટે એલસીબીના પીઆઇ પીએસઆઇ તથા ૨૨ થી વધુ નો સ્ટાફ પણ સુસજ્જ બન્યો છે.જામનગર મહાનગરપાલિકા દ્વારા તળાવની પાળથી સાત રસ્તા સર્કલ સુધી નવો ડી.પી. રોડ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેમાં એલસીબીની જૂની કચેરીનો કેટલોક પાછળનો હિસ્સો કપાતમાં આવી જતો હોવાથી જૂની મામલતદારવાળી કચેરી ના સ્થાને નવી એલ.સી.બી. ની કચેરીનો પ્રારંભ થયો છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આશરે ૩,૦૦૦ ચોરસ ફુટ વાળી જગ્યા એલ સી બી ની કચેરી તૈયાર કરવા માટે ફાળવી દેવાતાં તે સ્થળે અત્યાધુનિક ટેકનોલોજીસભર નવી કચેરીનું નિર્માણ કરી લેવાયું છે.જેમાં પી.આઇ. માટેની અલગથી ચેમ્બર, ઉપરાંત પી.એસ.આઇ. ની અલગ ચેમ્બર, તથા અન્ય કોમ્પ્યુટર પર જોબવર્ક કરી શકાય તે માટેના સ્ટાફની અલગ અલગ વ્યવસ્થા અને સાતથી વધુ કોમ્પ્યુટર સેટ મૂકવામાં આવ્યા છે, અને અત્યાધુનિક ટેકનોલોજી અને વિવિધ સોફ્ટવેર થી સભર નવી કચેરી નું નિર્માણ કરાયું છે.જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના હસતે નવી કચેરી ખુલ્લી મુકવામાં આવી હતી. આ વેળાએ લાલપુર પોલીસ ડિવિઝન વિસ્તારના પ્રોબેશનલ આઈ.પી.એસ. અધિકારી પ્રતિભા, ઉપરાંત જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા, પોલીસ હેડ ક્વાર્ટર ના ડી.વાય. એસ.પી. વિ.કે. પંડ્યા, જામનગર ગ્રામ્યના ડીવાયએસપી આર.બી. દેવધા, એસ.સી. એસ.ટી. સેલના ડીવાયએસપી ઉપરાંત જામનગરની એલસીબી કચેરીના પી.આઇ. વી. એમ. લગારીયા, પી.એસ.આઇ. પી.એન.મોરી અને સી.એમ કાટેલિયા, ૨૨ થી વધુ એલસીબી નો સ્ટાફ, પેરોલ ફર્લો સ્ક્વોર્ડના પી.એસ.આઇ. ભાટીયા અને ૧૫ થી વધુ નો સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.એલસીબી ની કચેરી ખુલ્લી મુક્યા બાદ પી.આઈ. ની ચેમ્બરમાં એલ.સી.બી. ના પોલીસ ઇન્સ્પેક્ટર વી.એમ. લગારિયા દ્વારા જિલ્લા પોલીસ વડાનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરાયું હતું, ત્યારબાદ સમગ્ર કચેરી ના અલગ અલગ વિભાગોનું એસ.પી. તથા અન્ય અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, અને સમગ્ર એલસીબી સ્ટાફને તમામ અધિકારીઓએ શુભકામનાઓ પાઠવી હતી.જામનગરની નવી એલસીબી કચેરીમાં જુદા જુદા સાત કોમ્પ્યુટર સેટ મૂકવામાં આવ્યા છે, જેમાં એક કોમ્પ્યુટરનું ઓપરેટિંગ એલસીબી ના પી.આઈ. જાતે કરે છે,જયારે બીજા કોમ્પ્યુટર સેટનો

ઉપયોગ.એલસીબીના પી.એસ.આઇ. દ્વારા કરાય છે. બાકીના અન્ય અલગ અલગ પાંચ કોમ્પ્યુટર સેટ મુકવામાં આવ્યા છે, અને તેના માટેના એલસીબીના ચુનંદા સ્ટાફની પણ નિમણૂક કરાઇ છે, અને એ.એસ.આઈ. થી લઈને પોલીસ હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ, મહિલા પોલીસ સહિત ૨૨ થી વધુ એલસીબીના પોલીસ કર્મચારીઓનો સ્ટાફ તહેનાતમાં રહ્યો છે, તેઓની મદદમાં પેરોલ ફર્લો સ્ક્વોર્ડ ના પીએસઆઇ અને ૧૫ થી વધુ નો સ્ટાફ પણ જોડાયેલા છે, અને શહેર જિલ્લાના ગુનેગારો પર નિયંત્રણ રાખવા માટે તેમજ ગુનાઓનો ઝડપી નિકાલ લાવવા માટે ના અત્યાધુનિક સોફ્ટવેર પણ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

# મેઘપર ગામમાં ડીગ્રી વિનાનો ડોકટર પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિસ્તારમાં ડીગ્રી વીના દવાખાના ખોલીને લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરી રહેલા તત્વો અવાર નવાર ઝપટમાં આવે છે તાજેતરમાં જ મેઘપર વિસ્તારમાંથી બોગસ ડોકટરો પકડાયા હતા દરમ્યાન વધુ એક ઝપટમાં આવ્યો છે.


મળતી માહિતી મુજબ જામનગર એસઓજીની ટુકડી પેટ્રોલીંગમાં હતી ત્યારે આ અંગે બાતમી મળી હતી જેના આધારે મુળ પશ્ચિમ બંગાળના કમાલપુર ગામના વતની અને હાલ લાલપુર તાલુકાના મેઘપર ગામમાં રહેતા સુકુમાર મનોહર હલદાર (ઉ.વ.૪૯) નામનો શખ્સ મેઘપર ગામમાં મેડીકલ ડોકટરને લગત કોઇ ડીગ્રી ધરાવતો ન હોવા છ્તા અહીં દવાખાનુ ખોલી દર્દીઓ તપાસી દવા આપતો હતો લોકોના આરોગ્ય સાથે ચેડા કરી પૈસા વસુલ કરતો હતો આથી આ અંગેની બાતમીના આધારે એસઓજીએ તેને પકડી પાડયો હતો.તેના કબ્જામાંથી દવાઓ તથા સાધનો મળી કુલ ૨૫૫૯નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો સુકુમાર હલદારની વિરુધ્ધ મેઘપર પડાણા પોલીસમાં મેડીકલ પ્રેકટીસનર્સ એકટ ૧૯૬૩ની કલમ ૩૦ તથા ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ ૧૨૫ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

# બાવળા પાસે કાર અકસ્માતમાં ઘવાયેલા ટંકારાના વેપારીનું મૃત્યુ

રાજકોટ બાવળા હાઈવે પર કેરાળા ગામ નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમા ટંકારાના આશાસ્પદ, પરિણીત યુવાનનું મોત નિપજતા ભારે કરૂણાંતિકા સર્જાઈ હતી. અકસ્માતે મોતને ભેટેલા પરમાર પરિવારના ચાર સંતાનમા બે ભાઈ અને બે બહેનો પૈકી ત્રીજા નંબરના યુવકના મોટાભાઈનું પાંચેક વર્ષ પહેલા જ મોત થયું હતું. પત્નીને તેડવા અમદાવાદ જતાં હતાં ત્યારે અકસ્માત થયો હતો. બનાવની વિગત અનુસાર ટંકારાના સસ્તા અનાજની સરકાર માન્ય પિતાની શોપ ચલાવતો શુભવદન નંદલાલ પરમાર પોતાની પત્ની બે દિકરી મહેક (ઉ.વ.૭) અને ક્રિયા (ઉ.વ.૫) સાથે વેકેશન હોવાથી અમદાવાદ રહેતી બહેનના ઘરે ગઈ હોવાથી તેડવા માટે ટંકારાથી સોમવારે રાત્રે પોતાની કાર હંકારી નિકળ્યો હતો એ વખતે રાજકોટ બાવળા હાઈવે પર કેરાળા નજીક હાઈવે પર થંભેલા બંધ ટ્રક પાછળ અકસ્માતે કાર અથડાતા સ્થળ પર જ મોત નિપજયુ હતુ. અકસ્માતે મોત ને ભેટેલા યુવાન બે ભાઈ અને બે બહેનમાં ત્રીજા નંબરે હતો. પાંચેક વર્ષ પૂર્વે મોટાભાઈનુ યુવાન વયે આકસ્મિક સંજોગોમા નિધન થયા બાદ પિતાનો આધારસ્તંભ હતો. અકસ્માતની ઘટના બાદ મૃતદેહ ટંકારા લવાતા ભારે કરૂણ દૃશ્યો સર્જાયા હતા.

# પત્નીના અસ્થિ પધરાવી પરત આવી રહેલા રાજકોટના યુવક અને સાઢુનું અકસ્માતમાં મોત

### રાજકોટથી બન્ને ભાઈઓ સાઢુ તથા સાળા સાથે સોમનાથ ગયા હતાઃ જેતપુર પાસે કારને અકસ્માત નડ્યો



**મુખ્ય સમાચાર, જેતપુર**

રાજકોટથી પત્નીના અસ્થિ પધરાવવા ભાઈ, સાહુ, સાળા સાથે ગયેલા યુવક અને સાઢુના જેતપુર નજીક કાર અકસ્માતમાં મૃત્યુ થતાં બે-બે શોકાતૂર પરિવારમાં વજવાત સમી કરૂણાંતિકા સાથષ ભારે અરેરાટી મચી ગઈ છે.

આ અંગે ની માહિતી મુજબ રાજકોટના જયભાઈ દિલીપભાઈ રાજદેવના પત્ની નિષ્ઠાબેનનું અવસાન થયું હતું. તેમના અસ્થિ વિસર્જન માટે જયભાઈ ગઈકાલે તેમના મોટાભાઈ વિશાલભાઈ દિલીપભાઈ રાજદેવ તેમજ સાહુ અભયભાઈ પ્રવીણભાઈ દવે (મુંબઈ) અને સાળા નીરવભાઈ દિલીપભાઈ ત્રિવેદી સાથે તેમની સ્વિફ્ટ કારમાં નીકળ્યા હતા. અસ્થિ વિસર્જનની વિધિ પૂર્ણ કરી ચારેય લોકો પરત રાજકોટ પરત ફરી રહ્યા હતા.

જેતપુરના સાંકળીના પાટિયા પાસે પહોંચતા, હાઈવે પર પાર્ક કરેલા એક આઈશર મેટાડોર પાછળ કારધડાકાભેર અથડાઈ હતી. આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કારમાંથી ચારેય લોકોને બહાર કાઢ્યા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જયભાઈ રાજદેવ અને તેમના ભાઈ વિશાલભાઈને જેતપુર હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જોકે, જયભાઈ રાજદેવને સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતું. વિશાલભાઈને સામાન્ય ઈજાઓ થઈ હોવાથી તેમને સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી બીજી તેમના સાહુ અભયભાઈ દવે અને નીરવભાઈ ત્રિવેદીને સારવાર માટે ૧૦૮ મારફત જુનાગઢ ખસેડાતા સારવાર મળે તે પહેલા જ અભયભાઈ દવેનું પણ મોત નીપજ્યું હતું. નિરવભાઈને સારવાર અપાઈ હતી. જેતપુર તાલુકા પીઆઈ હેરમા તથા સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી.

# ટંકારા જુગાર કાંડમાં સસ્પેન્ડેડ પીઆઈના સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર

### એસએમસીએ કચ્છથી ઝડપી લીધા બાદ ૧૦ દિવસના રીમાન્ડ માંગ્યા હતા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ટંકારા કમ્ફર્ટ હોટેલમાં જુગારધામ તોડકાંડ કેસમાં આરોપી તત્કાલીન પીઆઈ ની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાયો જેમાં દસ દિવસના રિમાન્ડની માંગણી સામે કોર્ટ દ્વારા સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.મળતી માહિતી અનુસાર, મોરબીના ટંકારા કમ્ફર્ટ હોટલમાં જુગારધામ તોડ કેસમાં સસ્પેન્ડેડ પીઆઈને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે. ટંકારા નજીક કમ્ફર્ટ હોટલમાં જુગારધામ રેડ બાદ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા તપાસ બાદ ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાં પીઆઈ વાય.કે.ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. હેડકોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકી હાલ જેલ હવાલે છે. ત્યારે આ કેસમાં ફરાર સસ્પેન્ડેડ પીઆઈની કચ્છ ખાતેથી જખઈ એ ગઈકાલે ધરપકડ કરી હતી. વાય કે ગોહિલને કોર્ટમાં રિમાન્ડ અર્થે રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસે દસ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. ત્યારે મોરબી ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

## મોરબી-વાંકાનેર હાઈવે પર રિવર્સ આવતી બોલરોની ઠોકરે મહિલાનું મૃત્યુ

મોરબી-વાંકાનેર હાઈવે ઉપર પેગવીન કારખાના નજીક રોડની કટ ઉપર ઉભેલ મહિલાને રિવર્સ આવતી બોલેરોની ટક્કર વાગતા, મહિલાને માથામાં ગંભીર ઇજાઓ પહોચતા, તેમનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી બોલેરો ચાલક પોતાનું વાહન લઇને ભાગી સ્થળ ઉપરથી નાસી ગયો હતો. મૃતક મહિલાના પુત્ર દ્વારા બોલેરો ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ, વાંકાનેરના જીનપરા વિસ્તારમાં રહેતા મૂળ રાજકોટ ગોંડલ રોડ ઉપર લોધેશ્વર સોસાયટી શેરી નં.૬ વાળા અજયભાઈ ભરતભાઈ સોઢા ઉવ.૨૩ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં બોલેરો પીકઅપ રજી.નં. આરજે-૦૪-જીસી-૫૩૫૦ વાળાના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગયી તા.૦૯/૦૫ ના રોજ ફરીયાદી અજયભાઈના માતા મંજુબેન ભરતભાઈ સોઢા ઉવ.૫૫ વાળા પેગ્વીન કારખાના તરફ જતા રસ્તાની કટ્ટ પાસે ઉભા હતા ત્યારે આરોપીએ પોતાના હવાલાવાળી બોલેરો પીકઅપ ગાડી પુરઝડપે અને બેફીકરાયથી ગફલતભરી રીતે, રિવર્સ લેતા મંજુબેનને ઠોકરે ચડાવ્યા હતા, જેથી મંજુબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું, અકસ્માતની ઘટના બાદ તુરંત બોલેરો ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો, ત્યારે સમગ્ર અકસ્માત મામલે તાલુકા પોલીસે બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખાતે વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત.લોકાર્પણ કરવા પધારેલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું એરપોર્ટ ખાતે મહાનુભાવો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સ્વાગતમાં કેબિનેટમંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઇ બેરા, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, જિલ્લા પંચાયતના પ્રમુખ મયબેન ગરસર,ધારાસભ્યો સર્વ દિવ્યેશભાઈ અકબરી, રિવાબા જાડેજા, મેઘજીભાઈ ચાવડા, જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, અગ્રણી બીનાબેન કોઠારી સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મતદારયાદીમાં જ પ્રતિબંધિત શબ્દોનો ઉપયોગ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં દલિત સમાજ પરના અત્યાચારોને લઈને રાજકીય ગરમાવો છે, ત્યારે રાજ્ય સરકારની જ એક ગંભીર ભૂલ સામે આવી છે. આગામી ૨૨ જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે જાહેર થયેલી મતદાર યાદીઓમાં આ પ્રકારની ક્ષતિઓ પ્રકાશમાં આવી છે. ખાસ કરીને દાહોદ જિલ્લાના દેવગઢબારિયા તાલુકાની ડાંગરીયા ગ્રામ પંચાયતની ૨૦૨૫ની અનુમોદિત મતદાર યાદીમાં આવા વાંધાજનક શબ્દોનો પ્રયોગ થયો હોવાનું બહાર આવ્યું છે. ડાંગરીયા ગ્રામ પંચાયતની મતદાર યાદીમાં વોર્ડ નંબર ૮ના મતદારોની ઓળખ અને મતદાન સ્થાન અંગેની જાણકારીમાં, સરકારી અધિકારીઓ દ્વારા જ કાયદાકીય રીતે અસ્વીકાર્ય એવા શબ્દનો ઉપયોગ કર્યો છે.

# જામકંડોરણા આઇ.સી.ડી.એસ ઘટક દ્વારા નિવૃત આંગણવાડીના બહેનોને ગ્રેચ્યુઇટી રકમના ચેક આપવામા આવ્યા

### ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી કુલ ૩૭ વર્કર અને ૩૨ હેલ્પર બહેનો ને ચેક આપવામા આવ્યા




**મુખ્ય સમાચાર, જામકંડોરણા**

જામકંડોરણા તાલુકામાં આઇસીડીએસ કચેરી દ્વારા નિવૃત્ત આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનો ને ગ્રેચૂયુટી ની રકમ નો ચેક આપવામાં આવેલ.

તમામ આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોને ગ્રેજ્યુટી ની ચુકવણી કરવામાં આવે છે આજરોજ સ્કૂલ ૫૯ બહેનોને નિવૃત્તિ બાદ ગ્રેજ્યુટી ચુકવણીનો ચેક થી કરવામાં આવી છે જેમાં કુલ ૩૭ વર્કર અને ૩૨ હેલ્પર બહેનો ને આજે ૭૨૫૨૫૭૯ ગ્રેચ્યૂયુટી ની રકમ ચેક થી આપવામાં આવેલ છે. જામકંડોરણા તાલુકામાં આઈસીડીએસ ઘટક દ્વારા નિવૃત્ત થયેલ આંગણવાડી ના બહેનોને ગ્રેચૂટીની રકમ ચૂકવવામાં આવેલ છે જેમાં ઇન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી સોનલબેન વાળા તેમજ તાલુકા ના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી કામગીરી કરવામાં આવેલ.

# વિકાસની સાથેસાથે કલા અને સંસ્કૃતિની વિરાસતને પણ રાજકોટ સાચવી રહ્યું છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીએ કલાકારો સાથે સીધો સંવાદ સાધ્યોઃ પેઈન્ટિંગ્સને રસપૂર્વક નિહાળીને કલાને બિરદાવીઃ પરિસરમાં સિંદૂરના છોડનું વાવેતર કર્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૫.૯૦ કરોડના ખર્ચે નિર્મિત ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીના એક્ઝીબીશન હોલની તક્તીનું અનાવરણ કરીને લોકાર્પણ કરાયું હતું.

આ તકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કલાકારો સાથે સીધો સંવાદ કર્યો હતો. જેમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વિકાસની સાથેસાથે કલા અને સંસ્કૃતિની વિરાસતને પણ રાજકોટ સાચવી રહ્યું છે. કળાના માધ્યમથી સમાજનું સાચું ચિત્રણ રજૂ કરવાની તાકાત કલાકારો પાસે છે. આ પ્રકારના આયોજનને લઈને કલાકારોનો રાજીપો સંતોષપ્રદ છે.

આ સંવાદ કાર્યક્રમમાં મુખ્યમંત્રીને શહેરી વિકાસ દર્શાવતું પેઇન્ટિંગ આપીને તેમનું અભિવાદન કરાયું હતું. આ તકે વરિષ્ઠ કલાકારો કિશોરભાઈ ત્રિવેદી, ઉમેશભાઈ ક્યાડા, મીતાબેન ભટ્ટ, વિરેશભાઈ દેસાઈ અને સુરેશભાઈ રાવલએ મુખ્યમંત્રી સાથેની વાતચીતમાં આર્ટ ગેલેરીનું પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. કળા ક્ષેત્રના વિદ્યાર્થી શિવાંગીબેન હરખાણી સાથે વાત કરતા તેમણે પોતાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત અંગેના સંસ્મરણો જણાવ્યા હતા. આ તકે વરિષ્ઠ કલાકારો, યુવા કલાકારો, કળા ક્ષેત્રના વિદ્યાર્થીઓ અને શિક્ષકો મળીને કુલ ૫૨ જેટલા કલાકારો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આર્ટ ગેલેરીના પરિસરમાં સિંદૂરના છોડનું વાવેતર કર્યું હતું અને ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ ગેલેરીની મુલાકાત લઈને પ્રદર્શિત કરાયેલા પેઈન્ટિંગ્સ નિહાળીને કલાકારોની કલાને બિરદાવી હતી તેમજ ગેલેરીનું નિરીક્ષણ કરીને આવશ્યક સૂચનો આપ્યા હતાં.

આ પ્રસંગે મેયરશ્રી નયનાબેન પેઢડીયા, સાંસદો સર્વ પરસોત્તમભાઈ રુપાલા, રામભાઈ મોકરીયા અને કેસરીદેવસિંહ ઝાલા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, અગ્રણીઓ રાજુભાઈ ધ્રુવ, ભરતભાઈ બોઘરા, માધવભાઈ ભટ્ટ, વિરેન્દ્રસિંહ ઝાલા, લીલુબેન જાદવ, મનીષભાઈ રાડિયા સહિતના અગ્રણીઓ જોડાયા હતા. તેમજ મ્યુનિસિપલ કમિશનર તુષારભાઈ સુમેરા, જિલ્લા કલેકટર પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, ડી.સી.પી. જગદીશ બાંગરવા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીમાં ઉપલબ્ધ સુવિધાઓ :** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની મધ્યમાં રેસકોર્સ મેદાન ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી લગભગ ચારેક દસકા પૂર્વે બનાવવામાં આવી હતી. તે જ સ્થાને નવી નિર્માણ પામેલી સેન્ટ્રલી એ.સી. આર્ટ ગેલેરીમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૫૦૮૦ ચોરસ ફૂટ કાર્પેટ એરિયા, ફર્સ્ટ ફ્લોર પર બે ૨૦૦૦ ચોરસ ફૂટ કાર્પેટ એરિયા તથા ૬૪૫ ચોરસ ફૂટ કાર્પેટ એરિયામાં કુલ ચાર એક્ઝીબીશન હોલ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, આર્ટ ગેલેરીમાં આકર્ષક લાઈટિંગ, ફાયર સિસ્ટમ, લિફ્ટ, સ્ટોર રૂમ સહિતની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.

# ૧૮૧ અભયમની મહિલા કર્મીઓએ પર્યાવરણ દિવસ નિમિતે વૃક્ષારોપણ કર્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહિલાઓને સુરક્ષાનું અભય વરદાન આપતી રાજ્ય સરકારની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન પર્યાવરણ પ્રત્યે પણ સમાજમાં સંવેદના પ્રગટાવી રહી છે. ૦૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે વિશ્વભરમાં ચિત્ર સ્પર્ધા, સ્વચ્છતા ઝુંબેશ, પ્લાસ્ટિક એકત્રીકરણ ઘન કચરાનાં વિઘટન, જૂથ ચર્ચા સહિત વૃક્ષારોપણ જેવા વિવિધ કાર્યક્રમો યોજીને ઉજવણી કરવામાં આવી હતી.

રાજકોટ અભયમ ટીમે પણ રાજકોટ જિલ્લામાં પર્યાવરણ સંરક્ષણને પ્રાથમિકતા આપવા સમૂહ વૃક્ષારોપણ કરીને ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનના કાઉન્સેલરો, કોન્સ્ટેબલશ્રીઓ, ડ્રાઈવરશ્રીઓ અને અન્ય કર્મીઓ દ્વારા સંસ્થાના પ્રાંગણમાં વૃક્ષો વાવીને પર્યાવરણને બચાવવા સંદેશ આપવામાં આવ્યો હતો.

# રાજકોટ ખાતે પ્રોજેક્ટ 'લાઈફ'ની મુલાકાત લેતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીએ પ્રોજેક્ટ 'લાઈફ'ની આરોગ્ય, શિક્ષણ સહિતની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમની રાજકોટ મુલાકાત દરમિયાન રેસકોર્સ રોડ પર આવેલ પ્રોજેક્ટ 'લાઈફ' સંસ્થાની મુલાકાત લઈ તેમના દ્વારા કરવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ અંગે તલસ્પર્શી જાણકારી મેળવી હતી. આ તકે મુખ્યમંત્રીએ આરોગ્ય, શિક્ષણ અને અન્ય સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા પ્રોજેક્ટ લાઈફના પ્રદર્શન હોલને નિહાળીને તેની કામગીરીને બિરદાવી હતી. આ અવસરે સંસ્થાના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરી સન્માન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ૪૭ વર્ષથી પ્રોજેક્ટ લાઈફ માનવ કલ્યાણલક્ષી કામગીરીને આગળ વધારી રહી છે. સંસ્થા દ્વારા વર્ષ ૧૯૯૧ થી શરૂ કરાયેલા 'થેલેસેમિયા નાબૂદી અભિયાન' અંતર્ગત અત્યાર સુધીમાં ૭ લાખથી વધારે યુવાનોના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા છે તેમજ ૭ લાખથી વધુ બ્લડ અને બ્લડ યુનિટ જરૂરિયાતમંદોને પહોંચાડવામાં આવ્યું છે. ઉપરાંત ૧૨૧ સરકારી શાળાઓનું નવીનીકરણ પણ કરવામાં આવ્યું છે. 'થેલેસેમિયા નાબૂદ ગુજરાત અભિયાન' રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે, જેમાં પ્રોજેક્ટ લાઈફ જેવી સંસ્થાઓનો સહયોગ મળી રહ્યો છે.

આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શશિકાન્તભાઈ કોટિચા, એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી ચંદ્રકાંતભાઈ કોટિચા, જોઈન્ટ ટ્રસ્ટી કિરીટભાઈ વસા, પ્રોજેક્ટ લાઈફ સંસ્થાને આગળ વધારતા સી.ઈ.ઓ મિતલબેન કોટિચા શાહ, ઋષિકેશ પંડ્યા સહિત મહાનુભાવોઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલ પંથકમાં ભીમ અગીયારસ નું મુહૂર્ત સાચવતા જુગારીઓ ૨૦ ઝડપાયા

### દેરડી વાછરા અને દાળીયામાં જુગાર રમતા શકુનીઓ ઝડપાયા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ભીમ અગિયારસ નાં જુગાર રમવાનું મહત્વ હોય તેમ ગોંડલ પંથક માં દેરડી,વાછરા અને દાળીયામાં જુગાર રમી રહેલા વીસ જુગારીઓ ને જડપી લઈ લોકઅપ હવાલે કર્યા હતા.પ્રથમ દરોડામાં સુલતાનપુર પોલીસે દેરડી માં જુની સહકારી મંડળી વાળી શેરીમાં જાહેરમાં જુગાર રમી રહેલા રેનીશ રસીકભાઈ ગોળ,તરલ ભાવેશભાઈ સખીયા, રોનક હરીભાઈ મોણપરા,ભૌતિક લાલજીભાઈ કાથરોટીયા, સંદીપ જયસુખભાઈ પરમાર, મયુર કનુભાઈ મકવાણા, રાજ મગનભાઈ સખીયા, દિવ્યેશ રમેશભાઈ ડોડીયા તથા જય અનિલભાઈ ડોડીયાને રોકડ રૂ.૩૭,૪૨૦ સાથે જડપી લઇ કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં તાલુકા પોલીસે વાછરા ગામમાં નદી કાંઠે પીરની દરગાહ પાસે જુગાર રમી રહેલા જેન્તી ગોપાલભાઈ મકવાણા, પ્રકાશ પ્રવિણભાઈ મકવાણા, રાજેશ મનજીભાઈ સોલંકી, વિક્રમ ઘુસાભાઈ ગમારા, મહેશ ગેલાભાઈ મકવાણા તથા અલ્પેશ લક્ષ્મણભાઈ મકવાણાને રોકડ રૂ.૧૧૦૧૦ સાથે જડપી લીધા હતા.તાલુકા પોલીસે બીજો દરોડો દાળીયા ગામે પાડ્યો હતો.દાળીયા શેરીમાં જુગાર રમી રહલા રાકેશ ધીરુભાઈ મકવાણા, અશ્વીન વેલજીભાઈ મકવાણા, ચિરાગ ધીરુભાઈ મકવાણા, સંદીપ હરસુખભાઈ મકવાણા તથા વિજય બાબુભાઈ ગુજરાતી ને રેકડ રૂ.૧૨,૦૬૦ સાથે જડપી લઈ કાર્યવાહી કરી હતી.

# મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોમાં સંચાલક, રસોયા અને મદદનીશની જગ્યાઓ માટે અરજી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાની ૧૨ જેટલી પ્રાથમિક શાળામાં ચાલતા મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક, રસોયા અને મદદનીશની જગ્યાઓ માટે તા.૧૮/૦૬/૨૦૨૫ સુધીમાં નિયત નમુનામાં અરજી અને જરૂરી આધાર પુરાવા સાથે ઈચ્છુક ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. આ જગ્યાઓ માટે ઉમેદવારની ઉંમર ૧૮ થી ૬૦ વર્ષ હોવી જોઈએ. અને ઓછામાં ઓછુ એસ.એસ.સી પાસ કે તેની સમકક્ષ શૈક્ષણીક લાયકાત ધરાવતા હોવા જોઈએ. સ્થાનિક તેમજ મહિલા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. વિધવા/ત્યકતા તથા નિરાધાર સ્ત્રીઓ તેમજ આર્થિક રીતે નબળા વર્ગની સ્ત્રીઓ તથા ગરીબી રેખા નીચે જીવતી સ્ત્રીઓને અગ્રતાના ધોરણે નિમણુંક આપવા વિચારણા કરવામાં આવશે.

મધ્યાહન ભોજન યોજના કેન્દ્રમાં વિરવા, હરીપર, તરવડા ગામોની પ્રાથમિક શાળા સંચાલક, રસોયા અને મદદનીશ, ધુડીયાદોમડા ગામની પ્રાથમિક શાળામાં સંચાલક અને રસોયા, રાતૈયા, ઢોલરા, કાંગશીયાળી ગામની પ્રાથમિક શાળામાં રસોયા અને દેવગામ, પાંભર ઇટાળા, જેતાકુબા, પીપળીયા(પાળ) ગામોની પ્રાથમિક શાળા સહિત મેટોડા ગામની સરદાર પટેલ પ્રાથમિક શાળામાં મદદનીશની જગ્યાઓ ભરવાની છે. ઉમેદવારોએ અરજી મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલવાની રહેશે. નિયત કરેલ અરજીઓ સિવાયની મુદત બહારની અરજીઓ અમાન્ય કરવામાં આવશે.

# ન્યારી-૧ ડેમ સાઈટ પર કાર્યરત ડેમના રેડીયલ ગેઈટ તથા તેને સંલગ્ન મશીનરીની સર્વિસિંગ-રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનીટ-ન્યારી ઝોન(ઈલે.-મીકે. વિભાગ) દ્વારા તાજેતરમાં પ્રી-મોનસુન કામગીરી અંતર્ગત ન્યારી-૧ ડેમ સાઈટ પર કાર્યરત ડેમના રેડીયલ ગેઈટ તથા તેને સંલગ્ન મશીનરીની સર્વિસિંગ-રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

ચોમાસાની ઋતુ દરમ્યાન વરસાદી પાણીની આવકના કારણે અથવા કોઈ પણ ઈમરજન્સી સમયે જો ડેમના ગેઈટ ખોલવાના સંજોગો ઉપસ્થિત થાય ત્યારે કોઈ ટેકનીકલ ખામી ન સર્જાય તે હેતુથી તમામ ૧૧ નંગ રેડીયલ ગેઈટને ખોલી તથા બંધ કરી વર્કિંગ ચેક કરેલ, ગેઈટ ઓપરેટીંગની તમામ મશીનરીમાંથી જુનું ઓઈલ તથા ગ્રીસ દુર કરી જરૂરી લુબ્રીકેશન કરેલ, પેનલનું ટેસ્ટીંગ કરેલ, સ્થળ પર પાવર બંધ થવાના સંજોગોમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે રાખેલ ડીઝલ જનરેટર સેટની સર્વિસ તથા વર્કિંગ ચેક કરવામાં આવેલ તથા દરેક મશીનરીનું વર્કિંગ ચેક કરેલ.

આ સમગ્ર કામગીરી એડી.સીટી એન્જીનીયર (ઇ.ચા.) કે.પી.દેથરીયાના માર્ગદર્શન હેઠળ ડેપ્યુટી એક્ઝીક્યુટીવ એન્જીનીયર (ઈલે.) જે.એ.ઝાલાના સુપરવિઝનમાં, આસી. એન્જીનીયર એમ. એમ. ભટ્ટ, તથા એડી.આસી. એન્જી. એસ. પી. બામણીયા વર્ક.આસી. આશિષ નલીયાપરા તથા મયુરભાઈ બાબરિયા સહિતની ટેકનીકલ ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.

# મુસ્લીમ બિરાદરો દ્વારા બકરી ઇદની આસ્થાભેર ઉજવણી





તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે સવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મુસ્લિમ સમાજ દ્વારા ઇદુલ અદહા નો તહેવાર પરંપરા ગત રીતે ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણી ધર્મનિતિ અનુસાર ત્રણ દિ' રહેશે પરંતુ ગઈકાલે શુક્રવાર (સાપ્તાહિક ઇદ) મનાવ્યા પછી આજે ઇદ ઉજવાતા અને આવતીકાલે રવિવાર હોઇ આ વખતે આ ઇદનો ઉત્સાહ બેવડાઇ જવા પામ્યો છે.

અત્રે એ નોંધનીય છે કે, ગઇકાલે વિશેષ નમાઝ અને ખુત્બો (અરેબિક પઠન) રહેલ એજ રીતે આજે પણ આ પ્રક્રિયા ઇદની રહેલ હોઇ મુસ્લિમ સમાજમાં ઇદુલ અદહાનો ઉત્સાહ ચોતરફ છવાઇ જવા પામ્યો છે.

ઇસ્લામ ધર્મના મહાન પયગંબર અને ધર્મપિતા હઝરત ઇબ્રાહીમ (અલૈહીસ્સલામ) અને તેમના વ્હાલા પુત્ર હઝરત ઇસ્માઇલ (અલૈહીસ્સલામ) ની યાદમાં ઇસ્લામ ધર્મના માહે ઝિલહજજ માસનો પ્રથમ ચાંદ દેખાયા બાદ ૧૦મા ચાંદે આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદ-ઉલ-અઝહાની ઉજવણી કરવામાં આવી છે.

આ તહેવારના દિવસે મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદગાહો અને જુદી જુદી મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવી હતી.

ત્યારબાદ એક-બીજાને ગળે લગાડી ઇદની મુબારક બાદી પાઠવવામાં આવી છે. ઇદ-ઉલ-અઝહાના તહેવાર નિમિતે પોતાના મરહુમ સ્વજનોના માટે દુઆ કરવા મુસ્લિમ બિરાદરો કબ્રસ્તાનમાં જઇ સ્વજનોની કબરને ફુલ ચડાવી ફાતીહા પઢયા હતાં. ઇદના પર્વે ગરીબ, અનાથ, વિધવાઓને રોકડ, અન્ય વસ્તુઓનું દાન તેમના ઇદીના હકદાર નાના બાળકોને ઇદીરૂપે રોકડ આપી પુણ્યનું ભાથું બાંધ્યુ હતું.

# રાજકોટ જિલ્લામાં વ્યક્તિગત માઇક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોને માર્ગદર્શન આપવા રિસોર્સ પર્સન માટે ૧૬ જૂન સુધીમાં અરજી કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેન્દ્ર સરકારના ''આત્મનિર્ભર ભારત અભિયાન'' અંતર્ગત ખાદ્ય સંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા PMFME Scheme (PM Formalization of Micro Food Processing Enterprises) અન્વયે નવા પ્રોસેસિંગ યુનિટની સ્થાપના તેમજ વિસ્તરણ કરવા માટે ખર્ચના ૩૫% સહાય આપવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં આ યોજના અન્વયે દરેક તાલુકાઓમાં વ્યક્તિગત માઇક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોના અરજદારને માર્ગદર્શન તેમજ સંલગ્ન કામગીરી કરી શકે તે માટે ડિસ્ટ્રીક્ટ રીસોર્સ પર્સન (ડી.આર.પી.)ની નિમણૂંક કરવામાં આવશે. જે માટે ગ્રેજ્યુએશન ડિગ્રી ધરાવતા, લોન તેમજ સબસીડી જેવા ફાઈનાન્સ કામમાં અનુભવ ધરાવતા જેમ કે નિવૃત્ત સરકારી/બેંક અધિકારીઓ, વીમા એજન્ટો, બેંક મિત્રો, આર્થીક સલાહકાર, વ્યક્તિગત વ્યાવસાયિકો વગેરે જેવા ઈચ્છુક વ્યક્તિઓએ લગત વિગતો નાયબ બાગાયત નિયામકની કચેરી, ૨/૩ જીલ્લા સેવા સદન-૩, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ, ફોન નં-૦૨૮૧-૨૪૪૫૫૧૭ ખાતે તા.૧૬/૦૬/૨૦૨૫ સુધીમાં મોકલી આપવા નાયબ બાગાયત નિયામક રાજકોટની યાદી દ્વારા જણાવવામાં આવે છે.


# હિંમતનગરની આંગડિયા પેઢીમાંથી લિસ્ટેડ બૂટલેગર ધીરેન કારીયાના ૫૦.૨૦ લાખ કબજે

### અમદાવાદ ઓફિસમાંથી દારૂનું ભાવપત્રક, કરોડોના વહીવટનો પર્દાફાશ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ગુજસીટોકના કેસનો ફરાર આરોપી અને રાજ્યનો લિસ્ટેડ બુટલેગર જૂનાગઢના ધીરેન કારીયાના દારુના ધંધાની લેવડ-દેવડની લાખોની રકમ હિંમતનગરની એક આંગડીયા પેઢીથી થતી હોવાની હકીકત સામે આવતા જૂનાગઢ ડીવાયએસપી, અને એલસીબીએ સ્થળ પર જઈને પેઢીમાંથી ધીરેનના માણસો તરફથી જમા કરાવવામાં આવેલા ૫૦.૨૦ લાખ રોકડા કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ લિસ્ટેડ બુટલેગર ધીરેન કૃષ્ણામાલમાં કેસમાં ફરાર છે, તેના પુત્ર પરમ કારીયાની મદદગારી સબબ કરીને આ કેસમાં સહ આરોપી તરીકે લીધો છે, અને તેની તપાસમાં જૂનાગઢ એલસીબી પી.આઈ. જે.જે. પટેલ સહિતના સ્ટાફે ધીરેનના દારુના ધંધાના હિસાબો લખતો અમદાવાદનો કલ્પેશ સીરીશચંદ્ર શાહ (એ-૨૪, મારુતિ પર્લ બંગ્લોઝ, નવા નરોડા) ને ત્યાં તપાસ કરી હતી. તો એવી હકીકત સામે આવી કે, અહીના નારોલ-નરોડા રોડ ઉપર રોઝ વિલ સ્કાય



કોમ્પલેક્ષમાં પાંચમાં માળે ઓફીસ નંબર ૫૧૩ માં રેડરમ બેયરેઝ પ્રા.લી. નામની ઓફિસમાં સર્ચ કર્યુ તો, અહીં છેલ્લા બે વર્ષમાં કરોડો રૂપિયાનો વહીવટ થયો છે, જેમાં અહીંથી બે ચોપડા અને દારુનું ભાવપદાથી કરવામાં આવ્યા છે. જેમાં તમામ હિંમતનગરમાં આવેલી આંગડીયા પેઢી પટેલ રમેશકુમાર કાંતિલાલમાં થતી હોવાનું સામે આવ્યું હતું. જેથીજૂનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલીયા સહિતના સ્ટાફે હિમંતનગરમાં આંગડીયા પેઢીમાં જઈને તપાસ કરતા અહી તા.૬ મે ૨૦૨૫ થી આજદિન સુધીમાં ધીરેન કારીયાના કુલ રૂ.૫૦,૨૦,૫૮૦ રકમ જમા પડેલી હતી, જે અહી આંગડીયા પેઢીના સંચાલક ગૌતમકુમાર જગદીશ પટેલની હાજરીમાં કબજે કરી લેવામાં આવી છે. તેમજ આ બેનામી વ્યવહારો અંગે પોલીસ દ્વારા ઈન્કમટેક્ષ અને ઈડીને પણ રીપોર્ટ કરશે.

# વિછિયામાં વીજ કર્મચારી પર પિતા-પુત્રનો હુમલોઃ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિછીયાનાં મોઢુકા રોડ પર પીજીવીસીએલની ટીમ દ્વારા ગેરકાયદેસર વીજ કનેક્શન કાપવા જતા વિછીયાનાં કોટડા ગામનાં પિતા - પુત્રએ પીજીવીસીએલની ટીમ સાથે ઝઘડો કરી લાઈન મેન પર હુમલો કરી દેતા આ મામલે પોલીસ ફરીયાદ નોંધાય છે. મળતી વિગતો મુજબ જુનાગઢનાં જોશીપુરામા રહેતા અને પીજીવીસીએલમા લાઇન મેન તરીકે નોકરી કરતા વિનોદભાઈ કાનજીભાઈ રાખસીયાની ફરીયાદને આધારે વિછીયાનાં કોટડા ગામનાં અનીલ પરસોતમ જોગરાજીયા અને તેનાં પુત્ર સીધ્ધાર્થ અનીલ જોગરાજીયા સામે ફરજમા રૂકાવટનો ગુનો નોંધાયો હતો.

પીજીવીસીએલની ટીમ વિછીયા વિસ્તારમા વીજ ચેકીંગ દરમ્યાન અનીલ જોગરાજીયાની દુકાનમા ગેરકાયદેસર વીજ કનેક્શન મળી આવતા તેનુ મીટર ઉતારવાની કામગીરી કરાતી હોય ત્યારે અનીલ અને તેનાં પુત્રએ વીજ મીટર ઉતારીને જતા પીજીવીસીએલની ગાડીમા રહેલા કર્મચારીઓનો પીછો કરી ગાડીની આડે સ્કુટર નાખ્યુ હતુ જે બાબતે વિનોદભાઇએ તેને આવુ નહી કરવા સમજાવતા પિતા - પુત્રએ વીજ કર્મચારી વિનોદભાઈને થપડ મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી આ મામલે લાઇનમેન વિનોદભાઈએ પિતા - પુત્ર સામે પોલીસમા ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

# ઉના શહેરમાં બકરી ઈદનો તહેવાર હર્ષ ઉલ્લાસથી ઉજવવામાં આવ્યો

### સૈયદ પીર બાપુએ ભાઈ ચારાના અનેક સંદેશ આપ્યા સાથે સોશિયલ મીડિયાની પણ વાત કરી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના શહેરમાં આજે બકરી ઈદનો તહેવાર ખૂબ ધામ ધૂમ પૂર્વક ઉજવાયો જેમાં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં ઈદગા પર જઈ અને નમાજ પડી અને ખુદાની પાબંદી કરી મુસ્લિમ બિરાદરો બકરી ઇદના તહેવારના દિવસે એકબીજાને ઈદ મુબારક કહે છે અને ગળે મળી શુભેચ્છા પાઠવે છે સાથો સાથ મોટી સંખ્યામાં ઈદગા પર જઈ અને નમાજ પડે છે ત્યાં પીર બાપુ ત્યાં ઈદગાહ પર તકરીર કરે છે અને અનેક ભાઈ ચારના સંદેશ પીર બાપુ આપે છે યુવા પેઢીને પણ સોશિયલ મીડિયાથી દૂર રહેવું કોઈપણ વાંધાજનક પોસ્ટન કરવી તેવા અનેક સંદેશ પીર બાપુએ આપ્યા સાથો સાથ પીર બાપુએ સમગ્ર ભારતના તમામ લોકોને ઈદ મુબારક કહ્યું સાથે આપણા ભારત દેશમાં ભાઈચારો રહે તે માટે ખુદા પાસે દુઆ પણ કરી હતી સાથે પોલીસ પ્રશાસન નગરપાલિકા તેમજ તંત્રનો દિલથી આભાર વ્યક્ત કર્યો તેમજ ઈદગા પર જે મંડપ રાખવામાં આવ્યા હતા તેમાં અનેક દાતાઓનો આભાર વ્યક્ત કર્યો જેમાં ખાસ કરીને અજમેરી મંડપ દ્વારા ૭૫ મંડપ ખર્ચ તેઓ આપ્યો તેમનો પણ આભાર વ્યક્ત કર્યો અને એક સારા સંદેશ સાથે ઈદનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભક્તિનગર સર્કલ પાસે શ્રીનગરમાં સોનાના દાગીના લૂંટી વૃધ્ધનું ગળુ કાપી હત્યા


તસવીર : આનંદ જાવીયા

### એકલવાયું જીવન જીવતા મુસ્લિમ વૃધ્ધની લૂંટના ઈરાદે ગળા, પીઠમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયાની શંકાઃ મૃતકના પુત્રો આફ્રિકા રહે છે, પુત્રએ ફોન કરતા રિસીવ ન થતા પિતરાઈને ઘરે મોકલ્યા ત્યારે હત્યાની ખબર પડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર ના ભક્તિનગર સર્કલ પાસે આવેલી શ્રીનગર શેરી નં. ૧માં એકલવાયું જીવન જીવતા મુસ્લિમ વૃધ્ધની લૂંટના ઈરાદે ગળું ચીરીને કરપીણ હત્યા કરી નાખવામાં આવતા સનસનાટી મચી જવા પામી છે. અજાણ્યા લૂંટારૂએ મૃતકના હાથમાંથી સોનાના દાગીના લૂંટી લીધા હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

વાલ્કેશ્વર સોસાયટી મેઈન રોડ પર આવેલ શ્રીનગર શેરી નં. ૧માં એકલા રહેતા ૭૦ વર્ષના વૃધ્ધના ઘરેણાં લૂંટી કરપીણ હત્યા નિપજાવી હતી. બનાવના પગલે ડીસીપી, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને ભક્તિનગર પોલીસ સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી સીસીટીવી આધારે હત્યારાની શોધખોળ હાથ ધરી છે.

આ અંગે ની જાણવા મળતી માહિતી મુજબ દુધ સાગર રોડ દૂધની ડેરી સામે અર્થ એપાર્ટમેન્ટમાં પહેલા માળે ફલેટ નં ૧૦૨માં રહેતા રમજાનભાઈ ગુલામહુશેન લાખાણીએ ભક્તિનગર પોલીસમાં અજાણ્યા શખસ તથા તપાસમાં ખુલે તે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે અમો પાંચ ભાઈ તથા ત્રણ બહેનો છે. તેમાંના મોટા ભાઈ બરકતભાઈ ગુલામહુશેનભાઈ લાખાણી જેઓ વાલ્કેશ્વર સોસાયટી મેઈન રોડ પર આવેલ શ્રીનગર શેરી નં. ૧માં એકલા રહેતા હતા. તેના પત્નિ ઘણા વર્ષો પહેલા અવસાન પામેલ છે. શુક્રવાર રાત્રીના ઘરે હતો ત્યારે ભત્રીજા રાજેશ નો ફોન આવ્યો અને કહ્યું કે બરકત કાકા તેના ઘરે પડી ગયા છે. તે સીરીયસ જેવું લાગે છે.

જેથી આપણે જવું પડશે તેમ વાત કરતા ઉપરોકત સરનામે ઘરે પહોંચ્યો ત્યારે આસપાસ લોકો એકઠા થયેલા હતા. જેથી ઘરમાં જઈ તપાસતા મોટાભાઈ હોલમાં રહેલ સોફાની બાજુમાં લોહી લોહાણ હાલતમાં પડેલ હતા. તેમજ હાથોની આઠેય આંગળીઓની સોનાની વીંટીઓ. ઘડીયાળ તથા લકકી જોવા મળેલ ન હતી. આમ કોઈએ મોટાભાઈની લૂંટના ઈરાદે તીક્ષ્ણ હથિયારના થા ઝીંકી હત્યા નિપજાવી ફરાર થઈ ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક ઉપરોકત સ્થળે એકલા રહેતા અને સંતાનમાં એક પુત્ર જે આફ્રિકા રહે છે. તેમજ પુત્રી સુરત ખાતે સાસરે છે. સમીસાંજે પુત્રએ પિતાને ફોન કરેલ પરંતુ વૃધ્ધએ રીસીવ ન કરતા પિતરાઈને ઘરે તપાસ કરાવવા મોકલતા હત્યાની જાણ થઈ હતી. હાલ પુત્રીને ઘટનાની જાણ કરતાં રાજકોટ આવવા રવાના થઈ હોવાનું જાણવા મળ્યું છે.

# આટકોટમાં મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરનાર સમડી ઝડપાઈ

### ગ્રામ્ય એલસીબીની ટીમે રાજકોટના બે શખ્સોને દબોચી લઇ બાઇક અને રોકડ સહિત રૂ.૨.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આટકોટમાં પતિના બાઇક પાછળ બેસીને જતી મહિલાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલઝડપ કરનાર રાજકોટની સમડીને ગ્રામ્ય એલસીબીની ટીમે દબોચી લઇ રૂ.૨.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગઇ તા.૨૮-૫ના આટકોટ ગોંડલ ચોકડી પાસે એક યુવાન તેની પત્નીને સાથે બાઇક પર બેસાડી આટકોટથી વીરનગર જતા હતા ત્યારે પાછળથી આવતા એક બાઇકમાં બે શખ્સોએ યુવાનની પત્નીના ગળામાં પહેરેલ સોનાના ચેઇનની ચીલઝડપ કરી નાસી ગયા હોવાની ફરીયાદ રાજકોટ પોલીસમાં નોંધાઇ હતી. બનાવના પગલે સ્થાનિક પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઇ હતી. તે દરમ્યાન ગ્રામ્ય એલસીબીની ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢવા તેમજ આરોપીઓને પકડવા માટે પ્રયત્નશીલ હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, આટકોટમાં ચીલઝડપ કરનાર સમડી શાપર વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હોવાની હકીકત મળતા ગ્રામ્ય એલસીબીની ટીમે રાજકોટ નાણાવટી ચોક, રાજ રાજેશ્વરી સોસાયટીમાં રહેતો વૃશાંત ઉર્ફે શ્યામ વિજય ધનેસા અને ગોપાલ ચોક, ગુરૂજીનગર ૧૫૦ ફૂટ રોડ પર રહેતો નીતીષ હિતેષ ચોકસી નામના બન્ને શખ્સોને દબોચી લઇ સઘન પુછપરછ કરતા આ બન્ને આરોપીઓ અવારનવાર ચીલઝડપ કરવાના ગુન્હામાં પકડાયા હોય. સોનાના દાગીના વહેંચી પોતાના મોજશોખ પુરા કરતા હોવાની કબુલાત આપી હતી. પોલીસે બન્ને શખ્સોની ધરપકડ કરી કબ્જો શાપર વેરાવળ પોલીસને સોંપી રોકડા રૂ.૧.૨૬ લાખ, બે બાઇક, બે મોબાઇલ સહિત રૂ.૨.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# વાવડીમાં મિત્રના ભાઈના ડખ્ખામાં વચ્ચે પડેલા નિર્દોષ યુવાનની ધોકા-પાઈપના ઘા ઝીંકી હત્યા

### આજે તો તમને બંનેને પતાવી જ દેવા છે કહી પાંચ શખ્સો તૂટી પડ્યા શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી અટકાયતમાં લઈ આકરી પૂછતાછ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાવડીના ખોડલ પેલેસ આવાસ ક્વાર્ટરમાં મિત્રના ભાઈના ડખ્ખામાં નિર્દોષનો ભોગ લેવાયો છે ધોકા-પાઈપના ઘા ઝીંકી દેતા ગંભીર રીતે ઘવાયેલા યેવકે સારવારમાં દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો જેમાં તાલુકા પોલીસે હત્યાની કોશીષના ગૂનામાં હત્યાની કલકનો ઉમેરો કરી પાંચ શખ્સોને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

શહેરની લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતા અને ડ્રાઈવીંગનું કામ કરતાં શકીલ મહંમદશા શાહમદાર ઉં.૩૩એ ભગીરથસિંહ વાઘેલા અને ચાર અજાણ્યા સામે તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત બપોરે મારા કાકાના દિકરા અવેશ શાહમદારનો ફોન આવેલ અને જણાવેલ કે, તું ઘરે આવ મારે ભગવતીપરામાં પપ્પાના ઘરે જવુ છે જેથી હું અને મિત્ર વિપુલ જેન્તીભાઈ મકવાણા બંને અવેશના ખોડલ પેલેસ ખાતે ભાડાના મકાને ગયા હતા અવેશે લવ મેરેજ કર્યા ત્યારથી માતા, બહેન, પિતા વ્યવહાર રાખતા ન હતા જેથી આ બાબતે સમાધાનની વાત ચાલતી હતી ત્યારે બીજા માળે રહેતા ભગી વાઘેલાના પત્નીએ ભાડુ માંગી અવેશની પત્ની સાથે માથાકુટ કરી હતી બાદમાં અમે બંને પાર્કિંગમાં ઊભા હતા ત્યારે બપોરે ભગી સહિત શખસો ધસી આવેલા મને ભગીએ તારે શું છે

કહી ગાળો દેવા લાગતા મે ભાડાની મેટર છે ભાડું આપી દેશું. તેમ કહેતા આજે તો તમને પતાવી જ દેવા છે. તેમ કહીને મને લોખંડનો પાઈપ માર્યો હતો અને બીજા બે શખસોએ પાઈપ અને ધોકાથી મિત્ર વિપુલ પર હુમલો કરતા તે નીચે પડી ગયો હતો અને માથામાંથી લોહી ૪ નીકળવા લાગતા મે ભાગીને બહાર જઈ પત્નીને ફોન કરતા પત્ની અને પપ્પા રીક્ષા લઈને આવેલ અને મને હોસ્પિટલ લાવ્યા હતા વિપુલને અવેશ રિક્ષા-ામાં સિવિલ હોસ્પિટલે લાવ્યો હતો રાત્રે તાલુકા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો પરંતુ વિપુલનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો પોલીસે રાત્રે જ પાંચેયને દબોચી લીધા હતા નિર્દોષ વિપુલભાઈ વાલ્કેશ્વર સોસાયટીમાં પોતાના વૃદ્ધ વિધવા માતા અને ૧૬ વર્ષના પુત્ર સાથે રહેતો હતો તે બે ભાઈ, ૧ બહેનમાં નાના હતા ૭ વર્ષ પહેલા છૂટાછેડા થઈ ગયા હતા તે શકીલ ડ્રાઈવર હોય તેની સાથે ટ્રકમાં ક્લિનર તરીકે કામ કરતા હતા બનાવના પગલે પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

# શહેરમાં કોરોનાના વધુ નવ કેસઃ એક દર્દી બાયપેપ પર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દરરોજ કોરોનાના નવ કેસ જાહેર કરવાનું તંત્ર દ્વારા 'બાંધણું' કરી લેવામાં આવ્યું હોય તેમ દરરોજ આટલી સંખ્યામાં જ કેસ જાહેર કરાઈ રહ્યા છે. દરમિયાન વધુ નવ કેસ મળતાં કુલ આંકડો ૭૭ સુધી પહોંચી ગયો છે. વળી, એક દર્દીને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી બાઈપેપ ઉપર રાખવામાં આવ્યાનું પણ તંત્રએ જાહેર કર્યું છે. નવા મળેલા કેસમાં વોર્ડ નં.૮ના લક્ષ્મીનગરમાં ૬૨ વર્ષીય વૃદ્ધા, વોર્ડ નં.૧૩ની કે.જે.સોસાયટીમાં ૧૦ વર્ષનું બાળક, નાનામવામાં ૪૨ વર્ષીય પુરુષ, વોર્ડ નં.રની પ્રગતિ સોસાયટીમાં ૫૪ વર્ષીય પુરુષ, વોર્ડ નં.૧૭ની અયોધ્યા સોસાયટીમાં ૨૩ વર્ષીય યુવક, વોર્ડ નં.૩ના જામનગર રોડ ઉપર ૭૫ વર્ષીય વૃદ્ધ, વોર્ડ નં.૮માં સરસ્વતિ સોસાયટીમાં ૪૮ વર્ષીય યુવક અને વોર્ડ નં.૧૪ના અવંતિકા પાર્કમાં ૬૩ વર્ષીય વૃદ્ધ ઉપરાંત અયોધ્યાચોકમાં સિદ્ધિવિનાયક પાર્કમાં રહેતાં ૬૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવતાં તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ રીતે શહેરમાં કુલ ૭૮ કેસ નોંધાયા છે જેમાંથી ૩૨ દર્દી સાજા થઈ ગયાનું તો ૪૫ની સારવાર ચાલી રહ્યાનું જાહેર કરાયું છે.

# ભાવનગરથી પરત આવતા માર્ગ અને મકાન વિભાગની બોલેરો પુલ નીચે ખાબકતાં ઈજનેર અને ડ્રાઈવરનું મોત

### હાઈવે પર મહિકાના પાટીયા પાસે પરોઢીયે સર્જાયેલી કરૂણાંતિકા, અધિકારીનો વલસાડ રહેતો પરિવાર શોકમાં ગરકાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-ભાવનગર હાઈવે પર ત્રંબા નજીક મહિકાના પાટીયા પાસે માર્ગ અને મકાન વિભાગની બોલેરાના ચાલકે વહેલી સવારે કાબુ ગુમાવતા પલટી મારી પુલ નીચે ખાબકતા કાર્યપાલક ઈજનેર અને હંગામી ડ્રાઈવરના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ છે બંને ભાવનગર વિઝિટ પૂર્ણ કરી મોડી રાત્રે પરત આવતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે બનાવને પગલે અધિકારીના વલસાડ રહેતો પરિવાર તેમજ રાજકોટના ડ્રાયવરના પરીવારમાં શોક વ્યાપી ગયો છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ ભાવનગર હાઈવે ઉપર મહિકાના પુલ નીચે બોલેરો ગાડી નં. જીજે૧૮જીબી-૩૪૦૯ રોડ પરથી ખાબકતાં અંદર બેઠેલા પૈકીના બે લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા વહેલી સવારે અહીંથી પસાર થતાં ખેડુતે આ અકસ્માતગસ્ત કાર પડી હોવાની કંટ્રોલમાં જાણ કરતા ફાયર બ્રિગેડ તેમજ ૧૦૮ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ઈજાગ્રસ્ત બે લોકોને બહાર કાઢ્યા હતાં ૧૦૮ના તબિબે બંનેને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતાં બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતકોની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી હતી પ્રાથમિક તપાસમાં જે ગાડીનો અકસ્માત



સર્જાયો તે ગાડી માર્ગ અને મકાન વિભાગની બોલેરો હોવાનું જાણવા મળ્યુ હતુ મૃતકોમાં મુળ વલસાડના વાપીના અને હાલ રાજકોટ બહુમાળી ભવન પાસે સરકારી કવાટરમાં રહી યાંત્રીક કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા ચંપકભાઈ છગનભાઈ પટેલ ઉ.૫૬ અને બજરંગવાડીમાં રહેતા અને કોન્ટ્રાકટ બેઝ ઉપર ડ્રાયવર તરીકે નોકરી કરતા જાવેદભાઈ યુનુસભાઈ પઢીયાર ઉ.૩૪ હોવાનુ જાણવા મળ્યુ હતુ જેથી બંનેના પરીવારને પોલીસે જાણ કરી હતી વધુ તપાસમાં બંને સરકારી ગાડી લઈ ભાવનગર સાઈટ વિઝીટ માટે ગયા હતા ત્યાંથી પરત આવતી વેળાએ અકસ્માત સર્જાયો હતો મૃતક ચંપકભાઈ અહીં એકલા રહેતા હતા સંતાનમાં એક પૂત્ર અને એક પુત્રી હોવાનુ જયારે ડ્રાયવર જાવેદભાઈ ભાઈ બહેનમાં નાના અને સંતાનમાં એક દિકરો હોવાનુ જાણવા મળ્યુ છે બંને પરિવારોમાં શોક વ્યાપી ગયો છે.

# વીરપુર પાસે કારમાં આગ લાગતા કાર બળીને ખાખઃ ચાલકનો બચાવ

### કાર બોટાદથી ધોરાજી વેચવા જતા રસ્તે જ સળગીને ખોખ થઇ ગઇ



**મુખ્ય સમાચાર, વીરપુર**

વીરપુર નજીક એક કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને અંદર બેઠેલો કાર ચાલક અગમચેતી વાપરી બહાર નીકળી જતાં તેમનો બચાવ થયો હતો. રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર વીરપુર પાસે અમરદીપ હોટેલ પાસે એક હુંડાઈ સેન્ટ્રો કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી જો કે આગ શોર્ટ સર્કિટથી લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. પ્રાપ્ત વિગતો અનુસાર બોટાદના શંકભાઈ બેલાણીયા પોતાની સીએનજી કાર નં. જીજે -૧૮ એએ ૭૮૭૦ નંબરની હુંડાઈ સેન્ટ્રો કાર લઈન બોટાદ થી ધોરાજી કાર વેંચવા જ જતા હતા ત્યારે વીરપુર હાઈવે પર આવેલ હોટેલ અમરદીપ ખાતે જમવા જવા માટે જતાં હતાં ત્યારે હાઈવે પરથી હોટેલ અમરદીપના ગ્રાઉન્ડમાં પહોંચતા જ કારમાં અચાનક ઈન્જીનમાં ધુમાળો નીકળતા શંકરભાઈ બેલાણીયાએ કાર ત્યાંજ ઉભી રાખી સમય સુચકતાથી પોતે કારમાંથી ઉતરી ગયા હતા ત્યાંજ કારમાં એકાએક વધારે આગ ફાટી નીકળતા કાર સળગી ઉઠી હતી, અને ઘડીભરમાં જ કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી, આ ઘટનાની જાણ થતાં જ વીરપુર પોલીસના જવાનો તેમજ જેતપુર ફાયર ફાઈટર ઘટના સ્થળે આવી સળગતી કાર પર પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લીધી હતી.

# શહેરમાં બાળ તસ્કરીનો પર્દાફાશઃ ૨૦ બાળકોને મુકત કરાવ્યા

### એસઓજી અને ક્રાઈમ બ્રાંચની ટીમનું સફળ ઓપરેશન; બંગાળી શખ્સની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માં બાંગ્લાદેશી અને પાકિસ્તાની ઘૂસણખોરોને પકડી લેવાના પોલીસના ઓપરેશન બાદ રાજકોટમાં બંગાળના બાળકોની તસ્કરીનું મોટું રેકેટ બહાર આવ્યું છે.

બેડી ચોકડી પાસેના મોરબી રોડ નજીક ગોપાલ રેસિડેન્સીમાં એક મકાનમાં નાના બાળકોને ગોંધી રાખી તેની પાસે મજૂરીકામ કરાવતો હોવાની માહિતીને આધારે ક્રાઈમ બ્રાંચ, એસઓજીની ટીમે મોડી રાત્રીના દરોડો પાડી બંગાળી શખ્સની ધરપકડ કરી ૨૦ જેટલા બાળકોને મુક્ત કરાવ્યા હતા. પોલીસ તપાસ કરતાં ૧૨થી ૧૮ વર્ષના

બાળકો પાસે બંગાળી શખ્સ મજૂરીકામ કરાવતો હોવાનું ખુલ્યું હતું.

આ અંગે ની વિગતો મુજબ રાજકોટમાં બંગાળના બાળકોની માનવ તસ્કરી અંગેની માહિતી અને આધારે પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા ડીસીપી કાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, અને એસીપી ક્રાઈમ ભરત બીબસીયા ની સુચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એમ આર ગોંડલીયા, એમ.એન.ડામોર, સીએચ જાદવ તેમજ એસોજીનો પીઆઈ એસએમ જાડેજા અને તેમની અલગ-અલગ ટીમોએ મોડી રાત્રીના મોરબી રોડ પર આવેલ ગોપાલ રેસિડેન્સીમાં આવેલા મકાનમાં દરોડો પાડયો હતો. પોલીસની તપાસમાં મકાનમાં ઈમિટેશનની મજૂરી કામ કરતાં ૧૨થી ૧૮ વર્ષની ઉમરના ૨૦ બાળકો મળી આવ્યા હતા. છેલ્લા એક માસથી પોલીસે બાંગ્લાદેશી અને પાકિસ્તાની ઘુસણખોરીઓને પકડવા ઓપરેશન શરૂ કર્યું હતું. તે દરમિયાન બંગાળના બાળકો સાથે બાળ મજૂરી કરાવતો અજીત ઉલ્લા નામનો શખ્સ ગોપાલ રેસિડેન્સીમાં બાબુભાઈ ગોપાલભાઈ બાળાનું મકાન ભાડે રાખી અજીત ઉલ્લા નામનો શખ્સ બાળકો પાસે ઈમિટેશનની મજૂરી કામ કરાવતો હોવાનું બહાર આવતાં પોલીસે તમામ બાળકોને મેડિકલ તપાસ માટે

હોસ્પિટલે ખસેડી જરૂરી કાર્યવાહી કરી છે. તેમજ બાળકો પાસે મજૂરી કામ કરાવતો અજીત ઉલ્લા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી બાળકોના પરિવારજનોને આ બાબતે જાણ કરી તેના પરિવારને સોંપવા માટેની કાર્યવાહી કરી છે.

હાલમા પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. બંગાળની બાળકોને કઈ રીતે રાજકોટમા લાવવામા આવ્યા તે ઉપરાંત આ રેકેટ આંતર રાજય હોવાનુ માનવામા આવી રહ્યુ છે. બંગાળથી બાળકોને ગુજરાત લાવી અને તેમની પાસેથી મજુરી તેમજ ભીક્ષાવૃતી કરાવવામા આવતી હોવાની શંકા

વ્યકત કરવામા આવી રહી છે. રાજકોટ ઉપરાંત આ ગેંગ અન્ય કયા કયા રાજયોમા સક્રીય છે. તેમજ પકડાયેલ બંગાળી શખસ સાથે કનેકશન ધરાવતા અન્ય શખસો સુધી પહોંચવા તેમજ આ રેકેટમા કોણ કોણ સંડોવાયેલુ છે તે દિશામા પોલીસે તપાસ શરૂ કરી છે. રાજકોટ સહીત ગુજરાત ભરમા બાળ શોષણ અને બાળ તસ્કરીનાં રેકેટનો પર્દાફાશ થાય તેવી શકયતા છે. બંગાળથી બાળકોને રાજકોટ લાવી તેમની પાસે મજુરી કામ કરાવવામા આવતુ હતુ. પોલીસે બાળ અને કિશોર મજુરી પ્રતિબંધ અને નિયમન અધિનીયમ ૧૯૬૮ હેઠળ કાર્યવાહી કરી છે.


# જેતપુરનાં થાણાગાલોલ ગામે માસુમ બાળકનું પાણીની કુંડીમાં ડૂબી જતા મોત

### વાડીમાં કામ કરતા માતા-પિતાની નજર ચૂકતા સર્જાઈઃ સારવાર મળે તે પહેલા જ બાળકનું મોત નિપજ્યુ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તાલુકાના થાણા ગાલોલ ગામે એક કરુણ ઘટના બની છે. અહીં ખેત મજૂરી કરતા એક પરપ્રાંતીય પરિવારનું અઢી વર્ષનું માસૂમ બાળક વાડીમાં આવેલી પાણીની કુંડીમાં પી જવાથી મોતને ભેટ્યું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

વીરજીભાઈ ઉધાડની વાડીમાં પરપ્રાંતીય મજૂરો ખેત મજૂરી કરી રહ્યા હતા. આ મજૂરો વાડીમાં પોતાના કામમાં વ્યસ્ત હતા ત્યારે તેમનો અઢી વર્ષનો બાળક હાર્દિક રવિન્દ્રભાઈ રમતા રમતા અચાનક નજરથી દૂર થઈ ગયો. બાળક ન



દેખાતા માતા-પિતાએ તેની શોધખોળ શરૂ કરી શોધખોળ દરમિયાન બાળક હાર્દિક પાણી ભરેલી કુંડીમાં મળી આવતા પરિવ-ારમાં ફફડાટ વ્યાપી ગયો હતો. તાત્કાલિક તેને સારવાર માટે જેતપુર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ દુર્ભાગ્યવશ સારવાર દરમિયાન બાળકનું મોત નીપજ્યું હતું.

નોંધનીય છે કે, જેતપુર પંથકમાં એક જ અઠવાડિયામાં બાળક ડૂબવાની આ બીજી ઘટના છે. વાડી વિસ્તારમાં ખુલ્લી પાણીની કુંડીઓ બાળકો માટે જોખમી સાબિત થઈ શકે છે. બાળકોની સુરક્ષાને લઈને વધુ સાવચેતી રાખવાની જરૂરિયાત પર આ ઘટના ભાર મૂકે છે.

# રાજકોટ આરટીઓ એ નિયમભંગ સામે વાહન ચાલકો પાસેથી ૪૬.૮૭ લાખ વસુલ્યા

### ઓવરલોડના ૧૮.૩૮, એલઈડી લાઈટના ૧,૯૯ લાખ વસુલ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આર.ટી.ઓ. કચેરી દ્વારા ગત મે માસ દરમિયાન અલગ-અલગ સ્થળોએ ટ્રાફિક નિયમનાં અમલના ભાગરૂપે યોજેલ ડ્રાઈવમાં કુલ ૧૦૫૬ કેસ સાથે રૂ.૪૬,૮૭,૩૦૭ જેટલો દંડની વસુલાત કરતા ટ્રાફિક નિયમનનો ભંગ કરનારા વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.ભ જિલ્લા આરટીઓ અધિકારી અને તેની ટીમ દ્વારા ગત મે માસ દરમિયાન ઓવરલોડ, ઓવર સ્પીટ, ભયજનક રીતે વાહન ચલાવવાના કેસોમાં દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.₹

જિલ્લા આરટીઓ અધિકારીનાં સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ ગત રૂાં એશ્વર્ડ ૧૫૦ લાપ તો ફ્રેંડ, ઓવર સ્ટાઈલ કેસ દંડ ઓપરેશનના ૧૨ કેસમાં રૂા.૧.૨૦ લાખનો દંડ, ટેક્ષ વગર ચાલતા ૪૫ કેસમાં રૂા.૧૧,૦૮,૮૦૭ લાખ, વ્હાઈટ લાઈટ એલડી ૧૯૯ કેસમાં રૂા.૧.૯૯ લાખ, રોડ શેફટી ૮૯ કેસમાં ૮૯ હજાર, નંબર પ્લેટ વગરના ૮૯ કેસમાં રૂા.૪.૪૫ લાખ, સીટ બેલ્ટ, પી.યુ.સી., વીમા વિ. ૨૪૬ કેસમાં રૂ.૨.૪૫ લાખ, ભયજનક રીતેવાહન ચલાવવાના ૧ કેસમાં રૂા.૩૦૦૦, લાયસન્સ વગર વાહન ચલાવવાના ૧૨૨ કેસમાં રૂા. ૨.૪૪ લાખ અને અન્ય ૧ ગુનામાં રૂા.૫૦૦નો દંડ મળી કુલ ૧૦૫૬ કેસમાં રૂ.૪૬,૮૭,૩૦૭નાં દંડની વસુલાત કરી હતી.

# ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં પૂર્વ ચીફ ફાયર ઓફિસરે સુપ્રીમ કોર્ટમાં કરી જામીન અરજી

### પરિવારો ન્યાયની રાહ જૂએ છે અને આરોપીઓ જેલમુક્ત થઇ રહ્યા છે, ફાયર સ્ટેશન ઓફિસર બાદ વધુ એક આરોપી સર્વોચ્ચ અદાલતના દ્વારે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસને એક વર્ષ વીતી ગયું છતાં હજુ સુધી પીડિત પરિવારોને ન્યાય મળ્યો નથી બીજી તરફ આ ઘટનામાં ૧૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી જે પૈકી ચાર આરોપી જેલ મૂક્ત થઇ ગયા છે આ કેસમાં જેલવાસ ભોગવી રહેલા પૂર્વ ચીફ ફાયર ઓફિસરે સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી કરી છે અગાઉ ફાયર સ્ટેશન ઓફિસર બાદ વધુ એક આરોપીએ સર્વોચ્ચ અદાલત દિલ્હીના દ્વાર ખખડાવ્યા છે. રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં ૨૫ મેં ૨૦૨૪ના રોજ લાગેલી ભીષણ આગમાં ૨૭નિર્દોષ લોકોના મૃત્યુ નીપજ્યા હતા જે અંગ નોંધાયા બાદ સીટની રચના કરવામાં આવી હતી અને બાદમાં ગેમઝોનના સંચાલકો, ભાગીદારો, જમીનમાલિકો, મનપાના ટીપી શાખાના અધિકારીઓ, ફાયર શાખાના અધિકારીઓ અને વેલ્ડીંગ કોન્ટ્રાકટર સહીત ૧૫ની ધરપકડ કરવામાં આવી હતી જે પૈકી ચાર આરોપી હાલ જામીન ઉપર જેલમુક્ત થઈ ગયા છે અને ૧૧ આરોપી જેલવાસ ભોગવી રહ્યા છે તાજેતરમાં પૂર્વ ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે ત્યાર બાદ હવે પૂર્વ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરએ પણ જેલમુક્ત થવા સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી કરી છે વધુ એક આરોપી સર્વોચ્ચ અદાલત સુધી પહોચતા પિડીતોને ન્યાય ક્યારે મળશે તે અંગે સવાલો ઉભા થયા છે.